Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૩૭ • તા. ૧૪ સપ્ટેમ્બર થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

Estd 1984

## શ્રી અરિહંત કો. ઓપ. બેંક લિમિટેડની
## ૩૨મી વાર્ષિક સભા તા. ૪ સપ્ટેમ્બર ૨૦૧૫




અત્યારના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અને સીઈઓ



દીપ પ્રાગટ્ય કરતા મહાનુભાવો




નવકાર મંત્રનું પઠન કરતા કર્મચારી સભ્યો



વાર્ષિક સભામાં શેઅર્સ ધારકોની ઉપસ્થિતિ

# શ્રી અરિહંત કો. ઓપ. બેંક લિમિટેડની
# ૩૨મી વાર્ષિક સભા તા. ૪ સપ્ટેમ્બર ૨૦૧૫

Estd 1984



સભાને સંબોધન કરતા
ચેરમેન શ્રી મહેન્દ્ર દામજી ખોના



સભાને સંબોધિત કરતા
વાઈસ ચેરમેન શ્રી કલ્યાણજી છેડા



ગતવર્ષની કાર્યવાહી નોંધ વાંચી રહેલા
સીઈઓ શ્રી કે.ડી. ખોના



શૈક્ષણિક ઈનામની જાહેરાત કરતા
ડાયરેક્ટર શ્રી નિતીન આર શાહ



સભાને સંબોધિત કરતા
ડાયરેક્ટર શ્રી ડી.કે. મોમાયા



સભાનું સંચાલન કરતા
ડાયરેક્ટર શ્રીમતી માલતી એચ. ધરમશી



રજીસ્ટ્રેશન કાઉન્ટરપર હાજરી નોંધાવતા શેઅર્સ ધારકો



વાર્ષિક સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સભ્યો




અરિહંત બેંકનો કર્મચારી ગણ

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇ

shantijin
પ્રસન્નતા...સર્વદા

૨૦૧, મેરેથોન મેક્ઝિમા, એલ.બી.એસ.માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ - ૮૦. સંપર્ક: ૦૨૨ - ૬૬ ૮૦૦ ૮૦૦

## સગપણ સંમેલન ૨૦૧૫

શનિવાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૫
સવારે ૯.૦૦થી સાંજે ૫.૦૦
બેડમિન્ટન ઇનડોર સ્ટેડિયમ, કાલિદાસ કોમ્પ્લેક્સ,
પી. કે. રોડ, મુલુંડ (વે), મુંબઇ - ૮૦
રજિસ્ટ્રેશન: સવારે ૦૮:૩૦ વાગ્યાથી

કાર્યક્રમ આમંત્રિતો, ઉમેદવાર અને તેમની સાથે
આવનારા બે વડીલો પૂરતો સીમિત

રજત જયંતી
25 YEARS
મહાપર્વ

- કેડીઓ જ્ઞાતિમાં પ્રથમવાર પ્રસન્નતા અને માર્ગદર્શનસભર સગપણ સંમેલન
- યોગ્ય જીવનસાથીની પસંદગી માટેની સુવર્ણ તક
- ૩૫૦થી વધારે ઉમેદવારો, દરેક ઉમેદવારનું આકર્ષક, વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન
- વડીલોને પણ સંતાન માટે ઉત્તમ જીવનસાથી મેળવવાનો મંચ

## રજત જયંતીની ભવ્યાતિભવ્ય ઉજવણીના કાર્યક્રમોની રૂપરેખા

| દિવસ, તારીખ | કાર્યક્રમ | વિગત |
|---|---|---|
| શનિ, ૧૯/૦૯/૧૫ | અભિષેક પર્વ | બપોરે ૧૨:૩૯, વિજયમુહૂર્તે કચ્છનાં ૧૮ ગામોમાં એકસાથે, ૧૮ અભિષેક પૂજન |
| શનિ, ૨૬/૦૯/૧૫ | સગપણ સેતુ પર્વ | મુલુંડ, મુંબઇમાં સવારે ૯.૦૦થી સાંજે ૫.૦૦ - સગપણ સંમેલન ૨૦૧૫ |
| રવિ, ૦૪/૧૦/૧૫ | કેળવણી પર્વ | ભુજ, કચ્છમાં સવારે ૯.૦૦થી સમગ્ર કચ્છ જિલ્લા સ્તરની ચિત્રકળા અને નિબંધ સ્પર્ધા |
| શનિ-રવિ, ૧૭-૧૮/૧૦/૧૫ | માનવતા પર્વ | મુંબઇ, ગાંધીધામ, ભુજ અને માંડવીમાં પ્રોજેક્ટ કેર - ૨૦૧૫ અંતર્ગત દરિદ્રનારાયણની સેવા અને આબાલવૃદ્ધોને સાંત્વના અને સહકાર |
| શનિ, ૨૪/૧૦/૧૫ | પ્રકૃતિ પર્વ | કોઠારા, કચ્છમાં સવારે ૯.૩૦થી સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ |
| રવિ, ૨૫/૧૦/૧૫ | સ્વાસ્થ્ય પર્વ | કોઠારા, કચ્છમાં સવારે ૯.૩૦થી સાંજે ૬.૦૦ - વિવિધ રોગનિદાન શિબિર |
| રવિ, ૦૧/૧૧/૧૫ | મહિલા પર્વ | મુંબઇમાં ફૂડ ફેસ્ટિવલ, સ્પર્ધાઓ સહિત ગીત-સંગીત અને જ્ઞાન છલકતો અવસર |
| ગુરુથી બુધ, ૧૨થી ૧૮/૧૧/૧૫ | જ્ઞાનસંસ્કાર પર્વ | મુલુંડ, મુંબઇમાં બાળકો અને નવયુવાનોમાં સંસ્કારોનું સિંચન, જીવનનું ઘડતર અને જ્ઞાનનું નિરૂપણ કરતી ધાર્મિક શિબિરો (નિશ્રા: પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. પ્રવેશ: ૧૨/૧૧/૧૫, બપોરે ૩.૦૦) |
| રવિ, ૨૨/૧૧/૧૫ | રમતગમત પર્વ | ડોંબિવલી, મુંબઇમાં શાંતિજિન કપ ૨૦૧૫ (ક્રિકેટ ટુર્નામેન્ટ) |
| શનિ, ૧૨/૧૨/૧૫ | નવકાર પર્વ | ભુજ, કચ્છમાં સમસ્ત જૈનો માટે શ્રી જયંતભાઇ રાહી સંગે સામુહિક નવકાર જાપ અનુષ્ઠાન |
| શનિ, ૧૨/૧૨/૧૫ | ગીત-સંગીત પર્વ | ભુજ, કચ્છમાં સમસ્ત જૈન સમાજના લગ્નોત્સવ અવસરે સંગીતોત્સવ અને દાંડિયા-રાસ |
| રવિ, ૧૩/૧૨/૧૫ | પરિણય પર્વ | ભુજ, કચ્છમાં સમસ્ત જૈન સમાજનો સમૂહ લગ્નોત્સવ ૨૦૧૫ |
| રવિ, ૧૩/૧૨/૧૫ | મહા પર્વ | ભુજ, કચ્છમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇનો રજત જયંતી મહોત્સવ |

**આવો, પધારો... સાથ-સહકાર, પ્રોત્સાહન આપો !**

### લિ: શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇ

જયેશ જૈન (પ્રમુખ) • ગોવિંદજી પટેલ (ઉપપ્રમુખ) • પ્રવીણ લોડાયા (ઉપપ્રમુખ)

mangrol@gmail.com

શ્રી અનંતનાથાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

વતી સમગ્ર જ્ઞાતિજનોને

# મિચ્છામિ દુક્કડમ્

## MICHHAMI DUKKADAM

મિચ્છામિ દુક્કડમ, મિચ્છામિ દુક્કડમ,
સહુ સહુ ને કેહેજો મિચ્છામિ દુક્કડમ ।।૨ ।।
સુખી શ્રીમંતો, ધનવાન સાથે નિર્ધન ને કેહેજો મિચ્છામિ દુક્કડમ,
સગા સંબંધિ ને મિત્રોની સાથે શત્રુને કેહેજો મિચ્છામિ દુક્કડમ,
જાણે-અજાણે કોઈ મન દુખાય તો એને કેહેજો મિચ્છામિ દુક્કડમ,
ગુરૂઓ ને સંતોને વંદન કરીને શ્રદ્ધાથી કેહેજો મિચ્છામિ દુક્કડમ,
જીવનમાં જ્યારે તોફાન આવે પ્રભુજીને કેહેજો મિચ્છામિ દુક્કડમ,
વાણી પછીએ નુ વર્તન જરુરી, નહી તો નિરર્થક છે મિચ્છામિ દુક્કડમ,
આતો તપસ્યાનો પહેલો ચરણ છે, અગ્ની પરીક્ષા છે મિચ્છામિ દુક્કડમ,
મોહ ને માયામાં જીવન ફસાયું, મુક્તિનો માર્ગ છે મિચ્છામિ દુક્કડમ,
જીવનમાં ડગલે ને પગલે છે કાંટા છે ફુલ સુંદર મિચ્છામિ દુક્કડમ,
નિઃશબ્દના ના મહિમાં છે મોટો મહાવીરનો વાણી છે મિચ્છામિ દુક્કડમ,
સવાયા છવામાં સંકોચ સાને કલ્યાણકારી છે મિચ્છામિ દુક્કડમ,
દિવ્ય ધ્વનીનો નાદ ગજાવો સહુ સાથે બોલો મિચ્છામિ દુક્કડમ,
મિચ્છામિ દુક્કડમ, મિચ્છામિ દુક્કડમ,
સહુ સહુ ને કેહેજો મિચ્છામિ દુક્કડમ ।।૨ ।।

લિ.



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસર અને તેનાં સાધારણ ફંડોનું ટ્રસ્ટ
માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ
શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ તથા વિવિધ સમિતિઓ
શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જિદ બંદર જૈન સંઘ
શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ, ઘાટકોપર
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, કાંજુરમાર્ગ, આરીખાણા, કુમઠા, વાલગીરી, રાણપર
સર્વે પદાધિકારીગણ, ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો તથા કર્મચારીગણ

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 37/2015**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર બુધવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# પરમાર્થ માટે જ નહીં સ્વાર્થ માટેય ક્ષમાપના ભાવ કેળવીએ

ક્ષમાપનાને જૈન ધર્મનો સાર કહેવામાં આવેલ છે, તે બરાબર જ છે. જૈન ધર્મ કોઈનીય સાથે વેર ન રહે અને બધા જીવો સાથે મૈત્રી કેળવાય એમ ઈચ્છે છે. આ ક્ષમાપના ભાવ દ્વારા જ શક્ય બની શકે.

જૈનો જેમની સાથે સારા સારી છે તેમના કરતાં પણ જેમની સાથે સંબંધો ગુંચવાયેલા હોય. દુશ્મની ભર્યા હોય તેમની ક્ષમા માંગવા... તેમને ક્ષમા આપવાને વધુ મહત્વ આપે છે.

મનો વૈજ્ઞાનિકો પણ હવે આનું મહત્વ સમજવા લાગ્યા છે. તેમના માનવા પ્રમાણે જે ક્ષમાપના ભાવ કેળવે તે ઘણી બધી માનસિક તકલીફો – તાણથી બચી જાય છે. આ માનસિક તકલીફો જ આગળ જતાં શારીરિક તકલીફોનું રૂપ ધારણ ધારણ કરે છે અને મનોદૈહિક રોગો નામની ખૂબ જ જટિલ પરિસ્થિતિ નિર્માણ થાય છે. જેમાં ન ઉકેલી શકાતી માનસિક ગુંચ શારીરિક રોગનું રૂપ લે છે અને તે શારીરિક રોગ મનને નબળું પાડી તે ગુંચ ઉકેલવાની શક્તિ કરી લે છે અને આમ એક એવું વિષ ચક્ર ઊભું થાય છે કે જેનો અંત જ્યાં સુધી ક્ષમાપનાભાવ ન આવે ત્યાં સુધી આવતો નથી...

...વાત આટલેથી ય અટકતી નથી, જો ભૂત-ભવિષ્ય-વર્તમાનની કે ભવોભવની વાત કરીએ તો પણ ક્ષમાપના ભાવનો અભાવ આપણને ભૂતકાળ સાથે બાંધી રાખીને વર્તમાન અને ભાવિ બન્નેને દુષિત કરે છે.

આ બધું સમગ્રતામાં જોઈએ તો સમજાય છે જેને આપણે માત્ર જૈન છીએ એટલે નીભાવવો પડે તેવો, સામાજિક વ્યવહાર સમજીએ છીએ તે હકીકતમાં અનેક મનોવૈજ્ઞાનિક તથ્યો અને આધ્યાત્મિક તથ્યોના પાયા પર ઊભો રહેલ મનોદૈહિક રોગોથી બચાવનાર તથા ભૂતકાળથી બંધાઈ રહી વર્તમાન – ભવિષ્યને દુષિત કરનાર બાબતોને સુધારનાર માત્ર પરમાર્થ માટે નહીં પણ પોતાના સ્વાર્થ માટે પણ કરવા લાયક વ્યવહાર છે. માટે પુરી સમજદારીથી કહીએ મિચ્છામિ દુક્કડમ !

**– ચંદ્રસેન મોમાયા**



## મન – વચન – કાયા ના યોગે થયેલ દુષ્કૃત્યો બદલ અંતઃકરણ પૂર્વક મિચ્છા મિ દુક્કડમ



**પ્રકાશ સમીક્ષા સમિતિ**


।। શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ।।  ।। શ્રી મહાકાલી પ્રસાદાત શ્રી મુખ હુજૂર ।।

**શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર, ભુજપુર : ભાવિકો લાભ લેશોજી**

કચ્છમાં ભુજપુર સ્થાને **શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિરમાં** શ્રી ચક્રેશ્વરીદેવી, શ્રી મહાકાલીદેવી, શ્રી અંબાજીદેવી, શ્રી પદમાવતી દેવી, શ્રી મહાકાલીદેવી, શ્રી પૂજ મ.સા શ્રી ગૌતમસ્વામીજી, શ્રી ધંટાકર્ણ મહાવીર આમ દેવ-દેવીઓ ગુરૂની મૂર્તિઓ છે આ મંદિરમાં ૪૧ વરસથી અખંડ જ્યોત ચાલુ છે. કાયમી તીથી એકના રૂા. ૧૦૦૦/- છે મંદિરની બધી વપરાતી સામગ્રી સર્વ સાધારણ તીથી એકના રૂા. ૨૫૦૦/- છે.

આપ સૌ ઉદારતાથી કાયમી તીથી સાથે જીર્ણોધ્ધાર-જીવદયા-જ્ઞાનમાં ફુલપાંખડી લાભ લેશો. આપનો ફાળો રોકડા/ચેક/ડ્રાફ્ટ મંદિરના નામથી યતિશ્રીને અનંતનાથ દેરાસરજી મસ્જીદ – મુંબઈ ખાતે આપી રસીદ લેશો.

**યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ ના આર્શીવાદ.**

વિવાદનો નહીં સંવાદનો વિષય

# જૈન સાધુઓ પરથી ટૉઈલેટ-બાથરૂમના ઉપયોગનો પ્રતિબંધ ઉઠાવી લો

## મુનિરાજ વિરાગરત્નવિજયજી : શાંતિનાથ જૈન દેરાસર, દાદર (વેસ્ટ)



જૈન ધર્મનાં સમગ્ર સાધુ-સાધ્વીજીઓ ત્યાગપ્રધાન સંયમજીવનને કારણે સમગ્ર લોકમાનસમાં તેમના પ્રત્યે ખૂબ જ આદર અને બહુમાનનો ભાવ જોવા મળે છે. તેઓ ત્યાગ-આરાધના-સાધનામય જીવન જીવવા દ્વારા એક ઉચ્ચ કક્ષાનો આદર્શ સ્થાપિત કરે છે, પરંતુ આજના સાંપ્રત સમયમાં સર્વ સમુદાયોના ધર્મધુરંધર વડીલ, ગચ્છાધિપતિ, આચાર્યોએ ભેગા મળીને ચર્ચાવિચારણા દ્વારા 'પારિષ્ઠાપનિકા' (ટૉઈલેટ-બાથરૂમ) બાબતે યોગ્ય નિર્ણય લેવાની ખૂબ જ જરૂરિયાત છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છતા અભિયાન અંતર્ગત ઘરે-ઘરે ટૉઈલેટ-બાથરૂમ બનાવવા પર ભાર મૂકી રહ્યા છે. આજે મળ-મૂત્ર સાફ કરનારા (મેલું ઉપાડનારા) માણસો પણ મળતા નથી. આ સંજોગોમાં સાધુ-સાધ્વીજીઓ ઉપાશ્રયમાં વાડા બાંધવાનો આગ્રહ જૈન સમાજ પાસે રાખે એ કેટલું યોગ્ય ગણાય?

મુંબઇ જેવા મેટ્રો સિટીમાં જગ્યાનો અભાવ હોય, ફ્લૅટોમાં ધર્મસ્થાનકો બનતાં હોય એવા સંજોગોમાં ટૉઈલેટ-બાથરૂમનો ઉપયોગ કરવો એ જ યોગ્ય ગણાય. સાધુ-સાધ્વીઓ પ્લાસ્ટિકના વાટકામાં ટૉઈલેટ કે યુરિન કરીને રોડ પર નાખવા જાય છે, જે ઈતર ધર્મના લોકોમાં નિંદનીય બને છે, એને લીધે ક્યારેક વિવાદ પણ થાય છે. પરિણામે જે ઉપાશ્રયમાં તેમની સ્થિરતા હોય એ સંઘ અને સંઘના ટ્રસ્ટીઓએ સહન કરવું પડે છે. મહારાજસાહેબ ઉતરશે તો તેમનાં ટૉઈલેટ-યુરિન ગમે ત્યાં પરઠવશે (નાખશે). ગંદકી થશે. આ કારણે જૈનોના અપાર્ટમેન્ટમાં ઉપાશ્રય બનતો રોકવામાં જૈનો જ નિમિત બને છે. આજના જમાનામાં કોઈને આ પસંદ નથી.

જે સાધુ ભગવંતોને આમાં દોષ દેખાતો હોય, તેમણે મુંબઈ જેવા મેટ્રો સિટીમાં ચાતુર્માસ કરવાનો મોહ છોડી દેવો જોઈએ. ગામડાંમાં જ સુંદર નિર્દોષ સંયમજીવનની આરાધના કરવી જોઈએ. જૈન ધર્મની નિંદા થતી અટકાવવા સૌ સાધુભગવંતોએ સાથે મળીને ટૉઈલેટ-બાથરૂમના ઉપયોગનો પ્રતિબંધ ઉઠાવી લેવો જોઈએ.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at per at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at per મુંબઈ હોવો જોઈએ.


**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.),કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**

સાંધવ તીર્થ મંડન શાંતિનાથ સ્વામીને નમઃ

# -: આનંદોત્સવના વધામણા :-

## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવ આયોજિત
## સ્નેહમિલન અને પંચાહ્નિકા મહોત્સવ પ્રસંગે પધારવા
## શ્રી સાંધવવાસીઓ અને નિયાણી બહેનોને હાર્દિક આમંત્રણ

**જય જિનેન્દ્ર સહ જણાવવાનું કે આપણા ગામના સ્નેહમિલનનું આયોજન મહાજન તરફથી તા.૦૪.૧૦.૨૦૧૫ને રવિવારના બપોરના ૨.૩૦ કલાકથી રાખેલ છે.**
**સર્વે ગામવાસીઓ અને નિયાણી બહેનોને આ પ્રસંગે બહોળી સંખ્યામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવીએ છીએ.**

સ્નેહમિલન પ્રસંગે સરસ્વતી સન્માન, તપસ્વીઓનું બહુમાન વિવિધ ક્ષેત્રે સફળતા મેળવનારનું વિશિષ્ટ ગહુમાન પર્વ પર્યુષણના દાતાશ્રીઓનું બહુમાન વિગેરે કાર્યક્રમ યોજાશે.

તેમજ ઈ.સ.૨૦૧૬માં સાંધવ તીર્થ મંડન ૧૬માં તિર્થકર શ્રી શાંતિનાથ દાદાને ગાદીશિન થયાને દોઢ શતાબ્દી (૧૫૦ વર્ષ)પૂરા થતાં ભવ્યાતિભવ્ય પંચાહ્નિકા મહોત્સવનું આયોજન મહાજનશ્રી દ્વારા રાખવામાં આવેલ છે.

તેની પ્રથમ જાહેરાત પ્રકાશ સમીક્ષામાં અગાઉ આપેલ છે. જાહેરાત વાંચી ગામવાસીઓમાં તથા નિયાણી બહેનોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે.

**મહોત્સવના વિવિધ ઉછામણીના આદેશ સ્નેહમિલનમાં તેજ જગ્યાએ આપવામાં આવશે. વિવિધ ચડાવાના લાભ લેવા**

**પંચાહ્નિકા મહોત્સવ કાર્યક્રમની રૂપરેખાઃ**
**તા:૧૬.૦૨.૨૦૧૬ ના સયાજીનગરી એક્સપ્રેસગ્રા કચ્છ તરફ પ્રયાણ**
**તા:૧૭.૦૨.૨૦૧૬ થી તા: ૨૧.૦૨.૨૦૧૬ પંચાહ્નિકા મહોત્સવની ઉજવણી**
**તા:૨૧.૦૨.૨૦૧૬ના સયાજીનગરી એક્સપ્રેસ દ્વારા મુંબઈ તરફ પ્રયાણ**

ભવ્ય પંચાહ્નિકા મહોત્સવ પ્રસંગે માદરેવતન પધારવા નેહ નીતરતું નિમંત્રણ
સાંધવગામે બધી વ્યવસ્થા મહાજનશ્રી તરફથી કરવામાં આવશે. સાંધવ આવવા જવાની વ્યવસ્થા બાબતે ભાવિકોની બહોળી સંખ્યા થશે તો સ્નેહમિલન પ્રસંગે વિચારવામાં

<u>સ્નેહમિલનનું સ્થળ</u> : શેઠશ્રી નરશી નાથા બેંકવેટ હોલ, અનંત સિધ્ધિ,
એલ.બી.એસ.રોડ, ભાંડુપ (પ) મુંબ ઈ – ૪૦૦ ૦૭૮
સમય : બપોરે ૨.૩૦ કલાકથી તા:૦૪.૧૦.૨૦૧૫ રવિવાર

**લી.શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનવતીશ્રી શામજી નરશી દંડ (પ્રમુખશ્રી)**



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

**શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.**

**પ્રશ્ન : પાલીતાણા એટલેજ શત્રુંજય તીર્થની યાત્રા ચાતુર્માસમાં થાય કે ન થાય ?**

**ઉત્તર :** શત્રુંજય તીર્થની યાત્રા ચાતુર્માસમાં ન થાય એવા કોઈ આગમ પાઠ પ્રાપ્ત થતા નથી. પરંતુ શ્રી અજિતનાથ ભગવાન તથા શ્રી શાંતિનાથ ભગવાને ઉપર ચાતુર્માસ કર્યાની વાત સુપ્રસિદ્ધ છે. કરોડો ગણી-મુનિઓ ચૌમાસામાં તીર્થ ઉપર મોક્ષે ગયાની વાતો પણ શાસ્ત્રોમાં જોવા મળે છે. જેમાં મુખ્ય છે- ● પાંચ પાંડવો વીસ કરોડ સાધુઓ સાથે આસો સુદ પુનમના મોક્ષે ગયા છે. ● દસ કરોડ સાધુઓ સાથે દ્રાવિડ અને વાશિખિલ્લ રાજર્ષિઓએ આસો સુદ પુનમના અણસન સ્વીકાર્યું છે અને કાર્તિક સુદ પુનમના દસ કરોડ સાથે મોક્ષે ગયા છે.

આ પાવન તાર્થ જંબૂદ્વિપના ભરતક્ષેત્રમાં દક્ષિણાર્થ ભારતના મધ્ય ખંડમાં સોહામણા સોરઠ દેશમાં આવેલું છે. આવો ગિરિરાજ આ સિવાયના ચાર ભરત, પાંચ ઐરાવત, પાંચ મહાવિદેહમાં ક્યાંય પણ નથી. ચૌદ રાજલોકમાં ક્યાંય આવું પાવન - પવિત્ર - ગુણવંતું તીરથ નથી.

પરમાત્માની આજ્ઞા છે કે શ્રાવક ચાતુર્માસમાં પોતાના ગામને છોડીને અન્ય ગામ ન જાય... વ્યવહાર એવં વ્યાપાર માટે પણ ન જાય. ત્યારે તે સિદ્ધાચલ (શત્રુંજય)ની યાત્રા કરવા પણ ન જાય એ માની શકાય છે. કારણ ચાતુર્માસમાં આવ-જાવ કરવામા જીવ હિંસાનો દોષ લાગે છે. પરંતુ આજના કાળે કોઈ શ્રાવક આ નિયમનું ચુસ્તતાથી પાલન કરતા હોય એવું જણાતું નથી. વ્યાપાર અને વ્યવહાર માટે તેમજ હરવા - ફરવા પરદેશ જાય એમાં દોષ ન લાગે. પોતાના માનેલા ગુરુ ભગવંત પાલીતાણા ચાતુર્માસ હોય તો ત્યાં એમને વંદન કરવા જાય. ત્યાં દોષ ન લાગે. પરંતુ પાલીતાણા ગયા પછી પણ જો શત્રુંજયનો યાત્રા કરે તો દોષ લાગે. આવું શક્ય છે ?

હા, જે શ્રાવક ચાતુર્માસમાં ગામથી બહાર જ ન જતો હોય એના માટે પાલીતાણા જવાનો વાત જ નથી ઉદભવતી. પરંતુ જે શ્રાવકને મુંબઈ, બેંગલોર, હૈદ્રાબાદ વગેરે સ્થાનોથી પાલીતાણા જવામાં ચાતુર્માસમાં જો બાધ ન આવતો હોય તો શત્રુંજયની યાત્રા કરવામાં કેમ દોષ લાગી શકે ?

આજના સમયે ઘણીવાર જેઠ વદ કે આષાઢ સુદમાં વરસાદ પડે, વનસ્પતિ આદિ ઉગી નિકળે ત્યારે વિરાધના કરી યાત્રા કરનારા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા જેવો મળે છે. ત્યારે વિરાધનાનો દોષ લાગે ? કે આરાધનાનો લાભ થાય ? તે તીર્થ યાત્રા સફળ ગણાય ?

જો શ્રાવક-શ્રાવિકા ચાતુર્માસના ચાર મહિના ગિરિરાજ ન


અમારા કાયમી શુભેચ્છકો
દ્વારા ક્ષમાપના પર્વ નિમિત્તે અભ્યર્થના કે

**વેર શમે, મૈત્રીભાવ વિસ્તારે,**
**વીર પ્રભુના વિચારો રહે અંતરે.....**

મિચ્છામિ દુક્કડમ્




**તનમન (ટુર્સ ટ્રાવેલ્સ) પરિવાર : શ્રી ચિમન મેઘજી મોતા**
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**
**અબડાસા ગૌશાળા ટ્રસ્ટ બોર્ડ - કારોબારી સહપરિવાર**
**એમઆરએલ ગ્રુપ ઓફ કંપનીઝ : શ્રી મુલજી રાઘવજી પરિવાર**
**મોતા શીપીંગ એજન્સી રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચક્ષીની : શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર**
**યુ. કે. ખીમજી એન્ડ કું. : ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) પરિવાર**
**અંબા શીપીંગ એજન્સીઝ : શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા પરિવાર**

ચઢી શકે તો ભગવાનને કોના ભરોસે રાખવાના ? કેવળ પૂજારીના ભરોસે ભગવાન રાખીએ તો બધા ભગવાનની સેવા પૂજા બરાબર થશે ?

ભગવાન અપૂજ રહયાનો દોષ નહિં લાગે ?

ચાતુર્માસમાં પણ સાધુ-સાધ્વીજી ભગવંત પર્યુષણપર્વની આરાધનાદિ ના નિમિત્તથી પાંચ ગાઉ સુધી જાય છે. ત્યારે પણ ઘણી વખત વિરાધનાની સંભાવના જોવા મળે છે.

ઉપરોક્ત સર્વ બાબતોનો વિચાર કરતાં એવું જણાય છે કે છતાં યાત્રા ન કરવી તે યોગ્ય નથી. શત્રુંજય તીર્થની અવશ્ય યાત્રા કરવીજ જોઇએ. જિનશાસન સ્યાદ્‌વાદ્ યુક્ત છે. એ ક્યારે પણ એકાંતવાદિ નથી. એકાંતવાદિ ક્યારે પણ તત્વ અને સત્ય ન પામી શકે. પાલીતાણા જવા છતાં જો તીર્થધિરાજની યાત્રા ન કરે તો અવશ્ય દોષનો ભાગીદાર થાય છે.

## બુઢ્ઢાપો....!



હાણે કેળા હેરણ ફેરણ,
હાણે કેળા હિલણ મિલણ,
હાણે રોણું પ્રભુ પાર્શ્વજે શરણ શરણ,
'રશ્મિન્' ચુમે તોજા ચરણ ચરણ.

- 'રશ્મિન' ખોના (મુંબઈ)

તંત્રીનોંધ : આ કવિતા સાથે કવિ રશ્મિન (રતિલાલ) ખોનાનો પ્રકાશ સમીક્ષા સાથેનો નાતો ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. અભિનંદન!


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ. સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com



## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

**(કુ. જ્યોતિ અહિંસા ધામ)**

**ગૌ-પ્રસાદ આયુર્વેદ ફાર્મા**

મુંબઈ કાર્યાલય : ૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુલધામ હૉટેલ પાસે, અલંકાર સિનેમાની નજીક, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોનઃ 23813733/66380500, મો.: 88799 57070 ફેક્સઃ 23889961

**અહિંસક વસ્તુ - ફ્રી હોમ ડીલીવરી**

**રૂા. પાંચની પ્રભાવના**

રૂા. પાંચના સિક્કા કે નોટ મળતા નથી,
રૂા. પાંચની પ્રભાવના કરવાની ભાવના હોય તો
ધૂપબત્તી MRP રૂા. દસવાળા રૂા. પાંચમાં મળશે.

**મચ્છર-જીવાણું ભગાવો - અહિંસક ધૂપારતી**

કોઈપણ જાતના જીવાણું - વાયરસ કે
મચ્છર મરે નહીં ભાગી જાય તેવી...
૨૪ કાંડી રૂા. ૨૫/-

**ગોબર કેકનો ધૂપ કરો... જીવાણું ભગાવો**

કોઈપણ પ્રકારના જીવાણું - વાયરસ કે મચ્છર,
માખી-વાંદા ભાગી જાય. મરે નહીં તેવા
અહિંસક ગોબર કેક ગોમયમાંથી બનાવેલ.

**દેરાસર માટે ગોમયયુક્ત ધૂપબત્તી**

પ્રભાવના ધૂપબત્તી રૂા. પાંચ અને દશ
નેચરલ ધૂપબત્તી ૧૦૦ ગ્રા. રૂા. ૪૦/-
ચંદન ધૂપબત્તી ૧૦૦ ગ્રા. રૂા. ૫૫/-
વર્ધમાન ધૂપબત્તી ૭૦ ગ્રા. રૂા. ૪૦/-
જનતા ધૂપબત્તી ૧૦૦ ગ્રા. રૂા. ૪૦/-
દેરાસર ધૂપબત્તી ૧ કીલો રૂા. ૩૦૦/-

**જૈન સંઘ - દેરાસરના વહીવટદારો**

પાંજરાપોળના લાભાર્થે બનાવેલ ગૌમય પવિત્ર
ધૂપબત્તી શુધ્ધતા-પવિત્રતા-પ્રસન્નતા
પ્રભુ ભક્તિમાં સહ ઉપયોગ વાપરી શકાય.
આ ધૂપબત્તીનો ધુમાડો વાતાવરણને શુધ્ધ કરે.
રોગાણું-જીવાણું-વાયરસ ભાગી જાય.

**મચ્છર ભગાડવા ફ્લોર ક્લિનર**

અર્ધો લીટર રૂા. ૭૦/-, ૧ લીટર રૂા. ૧૨૦/-
પાંચ લીટર રૂા. ૫૦૦/-
ગૌઝરણયુક્ત ફ્લોર ક્લિનર
મચ્છર ભાગી જાય, મરે નહીં.

# PROGRESS

(By **Tilakchand K.L.,** Fmr. Chief Commissioner of I.T.;
9940636646 ; ourbrotherhood@yahoo.co.in)

The DRIVING FORCE behind the IDEA of KDO GLOBAL SUMMIT OF IT and EMERGING BUSINESSES is the unique human quality ,which as a matter of fact, is behind all the development and progress of the Mankind.

General Electric has a slogan –" Progress is our most important product."



Stop thinking, " This is the way we have always done it. So this is the way it has to be done."

Don't suffer from tradition paralysis. Nothing grows on ice. If we let tradition freeze our minds, new ideas won't sprout. Stop backward, regressive thinking and start forward, progressive thinking. Absolute perfection in any human endeavour, from building satellites to rearing children, is unattainable. This means that there is endless scope for improvement. Nothing in this world is being done as well as it can be done. Successful people know this. That's why they don't ask, " Can I do better?" They know they can. So they ask question, "How can I do it better?"

Man belongs to where he wants to go. Think progress, believe in progress and strive for progress. Think improvement in everything you do. Believe it can be done. Believing something can be done sets the mind in motion to find a way of doing it. There is a way. And, there is a better way. When you believe it is impossible, your mind goes to work to prove why it is so. But when you believe and really believe that something can be done, then your mind will find a way, if you allow it to. Many of us try to defeat our desires simply because we concentrate on why we can't, when the only thing worth concentrating on is or how we can.

In almost everything in life, from profession to home to community development, the formula for success is – ' do what you do better" ( improve the quality of your output) and ' do more of what you do' ( increase the quantity of what you do).

Constantly remind yourself – you are better than you think you are: so you can do everything in a better way than how you are already doing it. Also constantly remind yourself – you are not doing as much as you can; so you can do more of everything than what you are already doing.

Capability is the ability to better what you are already doing. Capacity is about doing more of what you are already doing.

Progress = improvement in capability + increase in capacity. ( T.T. Rengarajan)

I am sure this SUMMIT will revive or inculcate this spirit of FACING or CHALLANGES and CAN DO attitude among KDOS for their growth and development in all spheres of life.


।। શ્રી ઘૃતકલોલ પાર્શ્વનાથાય નમઃ ।।

।। શ્રી સચ્ચાઈ માતાય નમઃ ।। ।। શ્રી ભલારા દાદાય નમઃ ।।

**શ્રી ભલારા દાદા મુળ સ્થાનક**

**પીર ફળીયા, સુથરી - કચ્છ**

**શ્રી ભલારાદાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માં ના ભાવિકો જોગ,**

શ્રી ભલારા દાદા મુળ સ્થાનક સુથરીના પીર ફળીયામાં બિરાજમાન શ્રી ભલારાદાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માંના મંદિરના જિર્ણોધ્ધાર અર્થે શ્રી ભલારા દાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ મા ની ઉસ્થાપના કરી પરોણા તરીકે શ્રી કિર્તીભાઈ લોડાયા ના ઘેર સ્થાન ફેરની વિધી તા. ૨૧-૦૮-૨૦૧૫ના શ્રી ભલારા દાદાના ભુવા શ્રી દિનેશ વિશનજી દંડ તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માની ભુઈમા શ્રીમતી વિણાબેન દિપક પીર અને ભક્તગણની નિશ્રામાં ધામધુમથી બિરાજમાન કરેલ છે.

**જિર્ણોધ્ધાર બાબતે આપના સલાહ સુચન આવકાર્ય છે.**

**લી. શ્રી ભલારાદાદા મુળ સ્થાનક કમિટી વતી**

| | |
|---|---|
| **શ્રી કિર્તી પદમશી લોડાયા** | **– 098331 52695** |
| **શ્રી મહેન્દ્ર પદમશી પીર** | **– 099305 00030** |
| **શ્રી દિનેશ વિશનજી દંડ** | **– 098671 39421** |
| **શ્રી મયુર ખીમજી પીર** | **– 098210 54521** |
| **શ્રી મહેશ લક્ષ્મીચંદ લોડાયા** | **– 098696 12369** |

**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કં.** હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



## ABDASA (KACHCHH) GAUSHALA TRUST



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## આરોગ્ય પ્રકાશ : બાળકોની સ્ટેમિના વધારવાની ગુરૂચાવી

**પ્રશ્ન : મારાં બે સંતાન (વય : ૧૦ ને ૧૩ વર્ષ) છે એ બહુ જલદી થાકી જાય છે. તમે મને કોઈ ખાસ પ્રકારનો આહાર કે પીણાં સૂચવી શકો, જેથી એમનો સ્ટેમિના વધે ?**

ઉત્તર : બાળકો ભણતર તેમ જ ઈતર પ્રવૃત્તિ ચુસ્તીસ્ફૂર્તિથી કરી શકે એ માટે અત્યંત જરૂરી છે સ્ટેમિના. તમારી જેમ ઘણી મમ્મીઓની ફરિયાદ છે કે આજકાલ બચ્ચાં બહુ જલદી થાકી જાય છે. એમની સ્ટેમિના વધારવા તમે આટલું કરો.

● સવાર-સાંજ એમને સમતોલ ખોરાક આપો તથા શરીરને પોષણ આપે એવા આહારની એ પોતે પસંદગી કરે એ માટે એમને પ્રોત્સાહિત કરો.

● ખાવા-પીવામાં ખાસ તો એ આખાં અનાજ, લો-ફેટ દૂધ તથા દૂધમાંથી બનાવેલી ચીજવસ્તુ, ખૂબ બધાં તાજાં ફળ-લીલાં શાકભાજી તથા પ્રોટીન (દાળ, આખું કઠોળ, નટ્સ) વગેરે લે એ જરૂરી છે. સાથે એમને કેળાં, લીલી દ્રાક્ષ, નાચણી અને આયર્નથી સમૃદ્ધ આહાર આપો.

● શરીરમાં કેવળ કેલરીના ઢગલેઢગલા ઠાલવતું અને કોઈ પણ જાતનાં પોષણ ન આપતું જન્ક ફૂડ તરીકે ઓળખાતું ખાવાનું એમણે ન ખાવું જોઈએ. એ એમને પ્રેમથી સમજાવો, કેમ કે શરીરમાં ખોટી કેલરી ભરાય એનો અર્થ મેદસ્વિતા ને મેદસ્વિતા એટલે ઝટ થાકી જવું, હાંફી જવું, વગેરે. બટેકાની તળેલી ચિપ્સ, ઠંડાં પીણાં, કેક-પેસ્ટ્રી તથા ફાસ્ટ ફૂડ્સથી એમને દૂર રાખજો.

● ફિટનેસને એમનાં રોજિંદાં જીવનનો ક્રમ બનાવી દો. બાળપણની સારી રૂટિન લાઈફસ્ટાઈલ મોટપણમાં પણ સાથે જ રહે છે.

● આળસ શરીરમાં ભરેલી પડી રહે છે. એમને ગમે એવી શારીરિક પ્રવૃત્તિમાં જોતરો. ફૂટબૉલ કે ક્રિકેટ, સ્કેટિંગના ક્લાસ કે પછી જિમ્નેસ્ટિક્સ. એક વાત ખાસ યાદ રાખજો કે એ બન્ને જે કંઈ પ્રવૃત્તિમાં રસ લે એમાં તમારે પણ રસ લેવો પડશે-એમને સ્પોર્ટ્સ માટે મોકલી આપવાથી કામ નહીં ચાલે-તમારે પણ એમની સાથે વાતો કરતાં કરતાં જવું જોઈએ. સ્વિમિંગ, વૉકિંગ અથવા રનિંગમાં પણ એમની સાથે જવાનું રાખો.

● એમને પુલ-અપ ને પુશ-અપ શીખવો. દોરડાં કૂદવાં, સાઈકલિંગમાં પણ એમને મજા આવશે.

● અંતે, એમને ઈલેક્ટ્રોનિક્સ રમકડાંથી બને એટલાં દૂર રાખજો-મોબાઈલ કે વિડિયો ગેમ્સ કે ટેલિવિઝન. ટૂંકમાં, એક જ જગ્યાએ કલાક-બે કલાક બેસીને ટીવી-વિડિયો-મોબાઈલ ગેમ્સના સ્ક્રીન સામે જોયા કરે એનાથી કોઈ ભલીવાર નહીં વળે. એમને કોઈ ને કોઈ શારિરિક પ્રવૃત્તિમાં પરોવો ને એમને એમાં ઓતપ્રોત કરવા આખા ફૅમિલીએ સાથે મળીને આવી પ્રવૃત્તિ કરવી જોઈએ.

– સંકલિત ''ચિત્રલેખા''માંથી સાભાર


**લગ્ન સંબંધી**

મુંબઈ સ્થિત ૧૯૮૯માં જન્મેલ ૫'૨'' ઊંચાઈ ધરાવતી, મલ્ટીનેશનલ કંપનીમાં જોબ કરતી C.A. કન્યા માટે સારું ભણેલ મુંબઈમાં વેલસેટલ યોગ્ય પાત્ર પાસેથી લગ્ન વિષય પૂછપરછ આવકાર્ય. કુંડલીમાં માનીએ છીએ, કન્યા માંગલિક છે.
મો.: 092233 77472 / 098703 73930

શુભેચ્છા સહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881

ગુરૂવાર બંધ

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## કચ્છ-હાલારના ગામોમાંની મિલકતો

અબડાસા-કચ્છ-હાલારનાં ગામો માટેની અંક ૩૧ તા. ૩ થી ૯ ઑગસ્ટ નાં ભાઈશ્રી ચંદ્રસેન મોમાયાનો લેખ વાંચ્યો. આપણાં કચ્છ તથા હાલારનાં ગામો માટેના તારણો જે પણ આગેવાનો સાથે વાતચીતથી છપાયા એ બાબત જણાવવાનું જે આજે પણ ઘણાં જિનાલયોનાં જિર્ણોધ્ધાર કરાવે છે. આપણા ગામમાં જ્ઞાતિજનો આવે એ ભાવનાથી એમનાં રહેવા માટે અતીથીગૃહો બનાવે છે. જ્ઞાતિના વડિલોએ બનાવેલ સંસ્થાઓ ટકી રહે એ માટે મરામત કરાવે છે. આ બંધુ કાર્ય ગામ પ્રત્યેની ભાવનાથી કરાવે છે, નહિં કે કોઈની બળજબરીથી... આમ જોવા જાવ તો મસ્જીદ બંદર ઉપર આપણી વસ્તી ઘટતી જ જાય છે. તેમ છતાં અનંતનાથજી જિનાલયનો જીર્ણોધ્ધાર કરોડોના ખર્ચે કયાં નથી થયો. આ બાબતમાં શુન્યાવકાશ કદાચ થોડા વર્ષો પછી નહિં રહે.




હાલમાં જોવા જઈએ તો જેમ લેખમાં લખ્યું છે તેમ પર્યુષણ કે ધ્વજાં મહોત્સવ પ્રસંગે આપણી જ્ઞાતિનાં ગામોમાં અવરજવર વધીજ છે. અને એમાં યુવા વર્ગ વધારે રસ લઈને દરેક કાર્યો પોત પોતાના ગામોમાં કરે જ છે. જ્ઞાતિનાં વડીલોની હયાતી ઘટતી જાય છે. અને એ માટેનાં પ્રયાસો કરવા જોઈએ.

કચ્છ એકમ કચ્છનાં બધાજ આપણાં ગામોનો સહિયારો વહિવટ સંભાળી શકે એવી કોઈ શકયતા જ નથી. અત્યારે એમની પ્રવૃત્તીઓ પણ સંભાળે છે કે કેમ... લખવું ના જોઈએ પણ ભુજ મધ્યે આવેલ એકમ ભવનનો વહીવટ પણ સુચારૂ રીતે જ્યાં સંભાળી નથી શક્યો ત્યાં બધાજ ગામોનો વહિવટ સંભાળવો એ શું શક્ય છે.

દરેક ગામડામાં આપણો સમાજ સ્થાનીય રીતે સંસ્થાકીય રીતે વહિવટ સંભાળે છે જ. મુંબઈ કે બહારગામ વસતા જ્ઞાતિજનો ધાર્મિક કે સામાજિક મિલકતોનો વહીવટ પોતાનાં વસવાટનાં સ્થળેથી કરે છે. એ વાત સંપૂર્ણ સત્યતો નથીજ. હા, ફંડ-ફાળો-ઉત્સવો વખતે કરવામાં જરૂર અગ્રભાગ લે છે. પરંતુ આ ઉત્સવો જ્યારે યોજાવાના હોય છે ત્યારે એકાદ દિવસ આગળ કે પાછળ આવનજાવન કરે છે. એમાં બે પાંચ કે આઠ દિવસનો ઉત્સવ ઉજવવામાં તો સક્રિય તો સ્થાનીય સભ્યોજ રહે છે. ભલે તેઓ ઉમર લાયક વૃધ્ધો હોય કે સ્ત્રીઓ, કે ગામના સ્થાનીય યુવાવર્ગ.

આપણે શૂન્યાવકાશનો વિચાર ન કરતા પ્રગતિનો વિચાર કરશું તો કયારેક આપના આ કચ્છ કે હાલારનાં ગામડા જરૂરથી કામ લાગશે.

કરોડો ખર્ચીને સંમેલન શહેરોમાં કરવા કરતાં કચ્છમાં થાય

---

।। શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ ।।

### શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા

**વાર્ષિક સામાન્ય સભા**

તા. ૨૬/૦૮/૨૦૧૫

**સર્વે નલીયાવાસીઓ અને તેના ગામના વાડાના સભ્યો.**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયાની એક વાર્ષીક સામાન્ય સભા તા. ૧૫/૦૯/૨૦૧૫ ને મંગલવાર રાતના ૯:૦૦ વાગ્યે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ ના એજન્ડા ઉપર કાર્યવાહી રહેશે.

-: કાર્યસુચિ :-

૧. ગત મીનીટસનું વાંચન અને બહાલી.
૨. વર્ષ ૨૦૧૪ - ૨૦૧૫ નો વાર્ષિક અહેવાલ.
૩. વર્ષ ૨૦૧૪ - ૨૦૧૫ ના વાર્ષિક ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી.
૪. ચુંટણી પ્રક્રિયા સમીતી નો આવેલ રીપોર્ટ બાબતે ચર્ચા - વિચારણા અને નિણર્ય.
૫. મહાજનશ્રી ના હસ્તક સ્થાવર મિલ્કતો ના જિર્ણોધર બાબતે ચર્ચા - વિચારણા અને નિણર્ય.
૬. આવેલ પત્રોનું વાંચન.
૭. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઇ રજુ થાય તે.

**સર્વ સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી**

**શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા**

**વતી ટ્રસ્ટીગણ**

---

।। જીવદયા પરમો ધર્મ ।।

### શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, નલિયા

**વાર્ષિક સામાન્ય સભા**

તા. ૨૬/૦૮/૨૦૧૫

**સર્વે નલીયાવાસીઓ અને તેના ગામના વાડાના સભ્યો.**

શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટની એક વાર્ષીક સામાન્ય સભા તા. ૧૫/૦૯/૨૦૧૫ ને મંગલવાર રાતના ૮:૩૦ વાગ્યે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ ના એજન્ડા ઉપર કાર્યવાહી રહેશે.

-: કાર્યસુચિ :-

૧. ગત મીનીટસનું વાંચન અને બહાલી.
૨. પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ.
૩. વર્ષ ૨૦૧૪ - ૨૦૧૫ ના વાર્ષિક ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી.
૪. આવેલ પત્રોનું વાંચન.
૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઇ રજુ થાય તે.

**સર્વ સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી**

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, નલિયા**

**વતી ટ્રસ્ટીગણ**

---

સહતંત્રીની નોંધ : ઉપરોક્ત સંસ્થાઓની આ જાહેરાતો ગયા અંકમાં પ્રગટ કરવા માટે અમને તા. ૨૬ ઓગસ્ટ ના ઈમેલથી મોકાલાવી હતી પણ ટેકનીકલ કારણસર તે અંકમાં તેનો સમાવેશ થઈ શક્યો નહીં તે બદલ દિલગીરી છીએ.

તો સ્થાનીય જ્ઞાતિજનોનો ઉત્સાહ પણ વધે અને સાથ સહકાર મલશે. તો શું ૩૫ હજારની વસ્તીમાંથી ૧૫ થી ૨૦ ટકા જ્ઞાતિજનો હાજરી આપવા માટે આવશે તો પણ આપણાં ગામોનાં ઉદ્ધાર માટે બસ છે.

આપણાં ઘણા જ્ઞાતિજનો ૫ થી ૭ પેઢીથી કચ્છ છોડી ગયા છે. ત્યાર પછીનાં એમનાં પુત્રો પણ કચ્છમધે પોતાના ગામમાં નથી આવ્યા એ પણ હકીકત, વતનમાં ક્યારેક આવેલ આપણા યુવાનો પાસેથી જાણીજ છે અને એમનાં મુખેથી સાંભળ્યુ છે કે વડીલો જે કહેતા હતા કે કચ્છમાં કાંઈ નથી તો અમો કચ્છના શહેરો સિવાયના આંતરીયાળ ગામોમાં પણ ગયા હતા અને વડીલોની જાહોજલાલી જુના વખતની જોઈને આનંદિત થયા એવું અમારા પરદેશમાં પણ થયેલ નથી. શહરોની રંગત ગામડામાં પણ આવી ગયેલ છે જ.

**– નરેન્દ્ર રાઘવજી લોડાયા – બાંઢીયા– અમદાવાદ**

## આપણું વતન આપણું ગૌરવ

આપણું વતન આપણું ગૌરવ છે. એની ગૌરવતા જાળવી રાખવી એ આપણું કર્તવ્ય છે. એના વિકાસ, પ્રગતિ માટે પ્રયત્ન કરવા એ આપણો ધર્મ છે.

દરેક વ્યક્તિને પોતાના મૂળ વતનથી ગાઢ પ્રેમ હોય છે. મોટા મોટા શહેરોની ભાગદૌડ ભરેલ જીંદગીથી કંટાળીને થોડા દિવસો શાંતિથી આપણા વતનની માટીની ખૂશબૂ સાથે વીતાવવાથી સંતોષ મળે છે.

એના માટે આજની યુવા પેઢી ને આકર્ષવા માટે સગવડતા એ ખૂબજ જરૂરી છે તો ઈચ્છા રાખશે અને એના વિકાસ માટે જરૂરી કદમ ઉઠાવશે, પણ અફસોસ થાય છે જ્યારે આપણે જખૌ તરફ નજર નાખીએ છીએ તો બીજા કચ્છના નાના વસ્તીવાળા ગામોમાં પણ સારી એવી સગવડ અને વ્યવસ્થા જોવા મળે છે તથા ચોમાસામાં ધૂમધામ હોય છે. પણ જખૌમાં એની ખૂબજ કમી જણાય છે. આપણે દૂર શહેરોમાં રહીએ અને ટ્રસ્ટી તો બની જઈએ પણ એવા કઈક જિમ્મેદાર વ્યક્તિઓની નિમણુંક ગામમાં રહેતા વ્યક્તિઓમાંથી કરવી જોઈએ જે ત્યાં રહી દેખરેખ કરી શકે અને સુચારુ રૂપ થી વ્યવસ્થા જાળવી શકે. જેના બદલે એમને યોગ્ય વળતર પણ મળે એ વાતનું ધ્યાન રાખીએ તો જ એ વ્યક્તિ પણ હોંશથી કામ કરી શકે તેમજ મહારાજ સાહેબના ચાતુર્માસ તથા પર્વ-પર્યુષણ ઉજવવાનો ઉમંગ રહે. ચાર દિવસ ધર્મના રંગમાં રંગાઈ જીંદગીની દૌડધામને બે ઘડી ભૂલી નવી ઉમંગનો સંચાર થાય.

જો આપણે બધા એક જૂથ થઈને યુવા પેઢીની સાથે મળી કંઈક પ્રયત્ન કરીએ તો શું શક્ય નથી? આશા છે કે આ ગંભીર બાબત પર વિચારણા થાય અને યુવા પેઢી તેનો પૂરતો પ્રતિસાદ આપે.

**– નવલબેન સોમચંદ મુનવર – બેલ્લારી (કર્નાટક)**


# We are hiring

EXIM™
LOGISTICS SOLUTIONS
we help you globalize

Exim is an organization driven by values and vision & aims to be a **High Performing Organization.** We offer **International Freight Forwarding, Consolidation and Clearance at Port of Loading & at Port of Discharge (Custom Broking - Export & Import)** i.e. Complete one-stop Logistics solutions.

**Career Opportunity: Accounts Executive/Accountant Exp: 0 -5 yrs Responsibilities.**

The ideal candidate must be a good team player and an efficient individual contributor. Must be competent and proficient. Prior experience in Freight Forwarding & Customs Broking industry would be an added advantage. Candidate must ● Have fair knowledge of day to day accounting such as **Bank Book, Cash Book, Ledger, Voucher & Journal entries.** ● Proficient in preparing **Bank Reconciliation** statement and in handling day to day Banking activities. ● Should have the knowledge of **Filing of all Statutory returns as PF, PT, TDS, Service Tax, Income Tax** etc. ● Knowledge of **Accounts up to finalization will be an added advantage.** ● Must possess fair knowledge of Formal Correspondence with various agencies also be well versed with the various MIS reports pertaining to Accounting & Financial transactions of the organization.

If you meet all the above criteria, and if you are willing to be a part of team Exim, a team of efficient workforce, please mail your CV on our Official Human Resource ID: **hr@exim.ws**

**www.exim.ws**

**Exim Transtrade (India) Pvt. Ltd.**

**An ISO 9001 : 2008 certified company.**

## અબડાસાને મળશે નર્મદાનું શુદ્ધ પેયજળ

પીવાના પાણી માટે કાયમ માટે તરસી રહેલા અબડાસા તાલુકાના નાગરિકોને નર્મદાનું શુદ્ધ પાણી મળી રહે એ માટે નિર્માણ પામી રહેલી આગવી પાણી યોજનાનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે. મંગવાણાથી મોથાળા સુધીની પાઈપલાઈન અને મોથાળા પાસે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટનું આયોજન આ પ્રોજેક્ટમાં કરવામાં આવ્યું છે.

ટાકા માટે મોથાળા પાસે ઊંચાણવાળા ટેકરાની જગ્યા પસંદ કરવામાં આવી છે, જ્યાંથી પંમ્પિંગ કરીને અબડાસાના ગામોમાં પાણી પહોંચાડવામાં આવશે પરંતુ કુદરતી રીતે સીધો ઢોળાવ હોવાથી ગ્રેવિટીનો પણ લાભ મળી રહ્યો છે.

અબડાસાવાસીઓ માટેની ખાસ એવી આ નર્મદા પેયજળ યોજના અંગે પાણી પુરવઠા બોર્ડના અધીક્ષક ઈજનેર એલ. જે. ફુફલે જણાવ્યું હતું કે ૨.૨૦ કરોડ લિટર નર્મદાના કાચા પાણીને શુદ્ધ કરી શકે તેવો ફિલ્ટર પ્લાન્ટ મોથાળામાં આકાર લઈ રહ્યો છે.

૧૧ એમ.એલ.ડી. સંગ્રહ ક્ષમતાવાળો એક એવા બે સ્ટોરેજ બનાવવામાં આવી રહ્યા છે. એક સ્ટોરેજમાં કાચું પાણી જમા થશે, બીજામાં શુદ્ધિકરણા થશે, જ્યારે સુથરી પાસે ૬ એમ.એલ.ડી.નો શુદ્ધિકરણ પ્લાન્ટ નાખવામાં આવી રહ્યો છે.

અબડાસા માટે આમ તો ૭ પેકેજ મંજૂર કરવામાં આવ્યા છે જે પૈકી બેનાં કામ ચાલુ છે, એક મોથાળા પાસે ફિલ્ટર પ્લાન્ટ અને અન્ય મંગવાણાથી મોથાળા સુધીની પાઈપ લાઈનનો સમાવેશ થાય છે. અબડાસાને કુલ ૪૨.૭૦ એમ.એલ.ડી. પાણી આપવાનું આયોજન છે.

અબડાસાના ૧૫૦ ગામોને શુદ્ધ પેયજળ આપવામાં આવશે. મોથાળાથી આગળ જે હયાત પાણી યોજના નેટવર્ક છે તેમાં જોડાણ આપવામાં આવશે. આ ફિલ્ટર પ્લાન્ટ પાછળ રૂા. ૨૧.૫૬ જ્યારે પાઈપ લાઈન પાછળ રૂા. ૨૨.૯૪ મળી રૂા. ૪૪.૫૦ કરોડની ધનરાશિ આ બે પેકેજ પાછળ વપરાશે.

મંગવાણા પાસે નર્મદાના પાણી માટે મુખ્ય હેડવર્કસ છે. અહીંથી માંડવી અને ખીરસરા સુધી વિતરણ વ્યવસ્થા ગોઠવાયેલી છે. જ્યારે હવે મોથાળા ફિલ્ટર પ્લાન્ટ જોડાવાથી અબડાસા, માંડવી, લખપત આ ત્રણેય તાલુકાના મોટા ભાગના ગામોને મંગવાણા હેડવર્કસથી પીવાનું પાણી મળતું થઈ જશે એમ શ્રી ફુફલે કહ્યું હતું.

પેયજળ ક્યારથી મળતું થશે એ સવાલ સામે આ કચ્છી અધિકારીએ જણાવ્યું હતું કે મોટા ભાગનું કામ પૂર્ણતા તરફ આગળ વધે છે પરંતુ ફિલ્ટર પ્લાન્ટમાં હજુ સમય લાગશે તેમ છતાં માર્ચ-૨૦૧૬ સુધી પાણી મળી જશે.

દરમ્યાન મોથાળા ગ્રામ પંચાયત તરફથી આ ફિલ્ટર પ્લાન્ટ માટે જમીન આપવામાં આવી હોવાનું ગામના સરપંચ વિક્રમસિંહ સોઢાએ જણાવ્યું હતું.

ફિલ્ટર પ્લાન્ટના ઠેકેદારને પૂછતાં તેમણે કહ્યું કે કામ ઝડપભેર ચાલુ છે તેમ છતાં પૂરું થતાં હજુ આઠેક મહિના લાગી જશે.

જ્યારે પાઇપ લાઈનના કોન્ટ્રાક્ટરનો સંપર્ક સાધતાં તેમણે કહ્યું કે ૨૦ કિ.મી. ની પાઈન લાઈન પાથરવાનું કામ છે જેમાં રાતાતળાવ પાસે રેલ્વે ક્રોસિંગમાં થોડું મંજૂરી માટે કામ અટક્યું છે બાકી છેક સુધી પાઈપ પથરાઈ ચૂક્યા છે. પરવાનગી આવી ગયેથી કામ પૂરું થઈ જશે.

## નર્મદા મુદ્દે કચ્છને વિસારે પાડ્યાની લાગણી

કચ્છમાં નર્મદા નહેર પહોંચાડવાનું ૨૭૦ કિ.મી. ના કામો બાકી હોવા સાથે વિશાખા નહેરની કામગીરી શૂન્ય થઈ હાવાનો એકરાર કરાયો છે. જેથી નર્મદા સબબે કચ્છને વિસારે પાડ્યાની લાગણી વ્યક્ત થઈ રહી છે.

કચ્છ જિલ્લામાં નર્મદા નહેર શાખા અને પેટા શાખાની નિર્ધારિત ૪૨૯.૮૬ કિ.મી.ની લંબાઈ અન્વયે તા. ૩૧/૩/૨૦૧૫ની સ્થિતિએ માત્ર ૧૫૯ કિ.મી.ના જ કામો પૂરાં થવાની અને ૨૭૦ કિ.મીના કામો બાકી હોવાનો એકરાર તેમજ વિશાખાની નિર્ધારિત ૨૩૩ કિ.મીની નહેર તથા માઈનોર ૧૦૭૧ કિ.મી. અને સબમાઈનોર ૩૫૮૪ કિ.મી.ના કામો તમામ બાકી હોવાથી નર્મદા સબબે કચ્છને વિસારે પાડ્યાનું પ્રમાણ જોવા મળે છે.

દરિયામાં વહી જતું તમામ પાણી કચ્છને આપવાનો સધિયારો આપનાર સરકારે ત્રણ મિલિયન એકર ફૂટમાંથી માત્ર એક મિલિયન એકર ફૂટ દરિયામાં જતું નર્મદા ડેમના ઓવરફ્લોના પૂર પાણી કચ્છમાં પહોંચાડવા બજેટમાં ફૂટી કોડી પણ ફાળવી નથી ઉલટું આવા જ એક મિલિયન એકર ફૂટ પૂર પાણી ઉત્તર ગુજરાતમાં સુજલામ્ સુખલામ્ યોજન અંતર્ગત ૨૦૦૬-૦૭ સુધીમાં ૨૩૦૦ કરોડના ખર્ચે પહોંચાડ્યાનું તેમજ સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ નર્મદા ડેમના ઓવરફ્લોના પૂર પાણીથી ભરવા ૨૦૧૪-૧૫માં ૨૦૦૦ કરોડનું ખર્ચ કર્યાનું આંકડાથી પુરવાર થાય છે અને ચાલુ વર્ષે ૨૨૦૦ કરોડની ફાળવણી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ (સૌની) અન્વયે કામગીરી થઈ રહી છે.

પણ નર્મદા ડેમની ઊંચાઈ કચ્છના નારાયણ સરોવર સુધીની ૬૦૦ કિ.મી.ની લંબાઈ સુધી નહેરને પ્રતિ કિ.મી. ઠામ આપવાની લંબાઈ ગણી મુખ્ય નહેરની ૩૬૦ ફૂટ ઊંચાઈ જરૂરી ગણી ડેમની ૪૩૭ ફીટની ઊંચાઈ મેળવવા વખતે કચ્છને ગુજરાતે આગળ ધર્યું હતું. પરંતુ ઊંચાઈ અને મંજૂરી મળ્યે નિર્ધારિત ૪૩૭ ફૂટના નર્મદા ડેમથી ભરાયેલા પાણી કચ્છ સુધી/ નારાયણ સરોવર સુધી પહોંચાડવાની ફરજ બજાવવાની ચૂક રાજ્ય સરકાર કરી રહ્યાનું પુરવાર થતી બાબત ગણી કચ્છની ગ્રામ્ય પ્રજા ખેતી માટેનાં નર્મદાનીર ઝડપથી આવે તેની સતત યાદ લોકપ્રતિનિધિઓને તથા મુખ્યમંત્રી અને મુખ્ય સચિવને કલેક્ટર મારફતે અપાવવા કચ્છીઓને અનુરાધ કરાયો છે.

## તિમિરમાંથી પ્રકાશ તરફ

પ્રિય બેન જ્યોતિ,

૧૦ જૂન, ૧૯૪૦ના દિને તારો જન્મ. જન્મના બીજા જ અઠવાડિયે ઝેરી તાવ આવ્યો અને તારા પગ ખેંચાઈ ગયા. બા-કાકાના અથાગ પરિશ્રમે તું લંગડાતી-લંગડાતી ચાલતી થઈ. ૬ વર્ષની વયે 'મોડર્ન સ્કૂલમાં જવાનું શરૂ કર્યું. વિકલાંગ હોવા છતાં આનંદ, મસ્તી, આત્મવિશ્વાસથી સ્કૂલમાં જતી, અભ્યાસ સાથે ઈતર-પ્રવૃત્તિઓ, ખાસ કરી ગરબા-રાસમાં હઠ કરીને ભાગ લેતી. ત્રણ વર્ષ પછી ઘરમાં ચાલતા-ચાલતા ઠોકર વાગી, તું પડી ગઈ, સિવવાના મશીનનો ધારદાર ખૂણો એક આંખમાં વાગ્યો અને તેં એ આંખ ગુમાવી. એક આર્ટિફિશિયલ અને એક નૉર્મલ આંખ સાથે તેં અભ્યાસ અને ઈતર-પ્રવૃત્તિઓ ચાલુ રાખ્યા.

બે વર્ષ પછી કાળી-ચૌદસની રાત્રે તારી બીજી આંખની રોશની પણ હણાઈ ગઈ અને ભૂરી-ભૂરી આંખોવાળી જ્યોતિ નેત્રહીન બની ગઈ. અંધકારમાં સરી પડી.

થોડા મહિનાની હતાશા ખંખેરી તે જીવનને નવું વહેણ આપ્યું. બ્રેઈલ લિપિ અને સંગીત શીખવાનું શરૂ કર્યું. પૂ. બા પાસે ગુજરાતી સાહિત્યના પુસ્તકો વંચાવતી, બ્રેઈલ લિપિમાં પુસ્તકો લખી આપતી, યશાશક્તિ ધર્મ- આરાધના કરતી. રેડિયોને જિગરી દોસ્ત બનાવ્યો.

ત્રણેક વર્ષ પછી 'મૉર્ડન સ્કૂલ'ના પ્રિન્સિપાલ રમણભાઈ વકીલે તને આગળ અભ્યાસ કરવાની તક આપી. એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી પછી એસએનડીટી યુનિવર્સિટીમાંથી બી.એ. (સંગીત સાથે) અને એમ.એ. (સોશિયોલોજી સાથે)ની પદવી મેળવી. ડૉ. ઝાકીર હુસેનના હસ્તે માનપત્ર મેળવ્યું.

દરમિયાન તારી બ્રેઈલ-પુસ્તકો લખવાની અને સંગીતમય બાલનાટકો આકાશવાણી પર પ્રસારિત કરવાની પ્રવૃત્તિ તો ચાલુ જ હતી. ટીચર્સ ટ્રેનિંગ કોર્સ કરી અંધ બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. તારદેવ પરની વિક્ટોરિયા મેમોરિયલ સ્કૂલ, સાયનની માતા લક્ષ્મી નર્સરીમાં ભણાવવા જતી, સંગીત વર્ગો તેની બેસ્ટની બસોમાં અથવા જ્યાં ચાલીને પહોંચી શકાતું. એસ્કોર્ટ 'રેણુકા' સાથે પહોંચી જતી.

હતોત્સાહ થવાનું તો જાણે તારા સ્વભાવમાં જ નહોતું. જે કોઈ વિટંબણા આવી સહજભાવે સ્વીકારતી ગઈ. કદી વિચલિત ન થઈ. 'મારું શું થશે?' એવું કદી ઉચ્ચાર્યું નહીં.

અંધ બાળકી 'શોભા'ને ભણતી કરવામાં નવજીવન બક્ષવામાં તેં જે ધીરજ-ખંત બતાવ્યાં તે માટે તો સલામ ભરવી જ પડે.

૬૦ વર્ષ પછી તારા પગ ડગમગવા લાગ્યા. લાકડી ને પછી વોકર બંને બાજુ સહારો લેવો પડતો. ઘરે સંગીતના ટ્યુશનો આપતી, મિત્રોને બોલાવી સરસ પુસ્તકો વંચાવતી, ૬૪/૬૫ વર્ષની વયે તું તદ્દન પથારીવશ થઈ ગઈ. કરોડરજ્જુનું હાડકું વાંકું થઈ ગયું. કાન પણ ધીમે ધીમે સાથ આપતા અટકી ગયા. દિનચર્યા પથારીમાં કરવી પડતી તેનું તને દુઃખ હતું. તને સહાય કરનાર દરેકને વારંવાર 'મિચ્છામિ દુક્કડમ' કહેતી. પાંચ વર્ષ પીડા ભોગવી. ૨૭ માર્ચ, ૨૦૦૯ના ગૂડીપડવાની ભર બપોરે 'મારે સૂઈ જવું છે' કહી સૂઈ ગઈ અને ફરી ન ઊઠી.

જ્યોતિ, તું જિંદગીમાં સમજતી થઈ ત્યારથી સંઘર્ષ કરી તારા જીવનને અંધકારમાંથી અજવાળા તરફ લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. યશાશક્તિ દુન્યવી અને આધ્યત્મિક જ્ઞાન મેળવ્યું, યથાશક્તિ તપ-આરાધના-દાન કર્યાં. કરૂણા, પ્રેમ, મૈત્રી વિનય જેવા શુભભાવો સેવ્યા. ક્રોધ, લોભ, પરિગ્રહ જેવા કષાયોથી દૂર રહી.તને પવિત્ર પરમ શાંતિ મળે, એ જ અમારી પ્રાર્થના.

**- પારેખ પરિવાર** (એક શ્રદ્ધાંજલિ)

### વેર કરે... વેર વિખેર...

વર્તાવે કાળો કેર, વેર તણા વમળ...
તો કેમ ખીલવવા...? મારે ક્ષમા તણા કમળ.
આતમ્ વીંઝે પાંખ ને, આંખ ઢાંકે પાંપણ...
તો કેમ ખીલવવા...? મારે ક્ષમા તણા કમળ.
કરે વેર વિખેર વેર... ક્ષમાને તાણી જાય વમળ
તો કેમ ખીલવવા...? મારે ક્ષમા તણા કમળ.
કાદવ વેર-ક્રોધના એ, દલ દલ ના ઉલેચ્યું મળ...
શતદલ ઉજ્જવલ ખીલવવા, મારે ક્ષમા તણા કમળ.
છે આતમ મારો, અમલ-વિમલ ને નિર્મળ
આતમ સરમાં ખીલવવા, મારે ક્ષમા તણા કમળ.

**- ઉર્મિલા પાસુબાઈ લાલકા,** મોટી ખાવડી-ડોંબીવલી


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


તપસ્વીઓની અનુમોદના...સહ વંદના..!
શક્યતા સામુહિક સાંજી પ્રથાને પ્રાથમિકતા આપીએ...,
વ્યક્તિગત સાંજીમાં ભક્ષ્યઅભક્ષ્ય અને આણાથાઈના સમયનો ખાસ ધ્યાન રાખીએ.
*તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## ટૂંકી વાર્તા : પંકજમ્મા

લગ્ન થયાં ત્યારે સંગીતાને સોનાનો એક પણ દાગીનો ન આપી શક્યાનો રંજ સંદીપના મનમાં હંમેશા રહેતો. જ્યારે પણ દાગીનો લેવા જેટલી બચત ભેગી થાય ત્યારે કોઈ મોટો ખર્ચ અણધાર્યો આવી પડે ને બધી બચત એમાં જ પૂરી થઈ જાય. માની લાંબી માંદગી, માનું મૃત્યુ, સંગીતાની સુવાવડ ને પછી બાળક માટેના નાના-મોટા ખર્ચા. આ બધાને કરાણે સંગીતા માટે આભૂષણ લેવાની વાત મનમાં જ રાખવી પડી હતી. એકાએક મ્યુચ્યુઅલ ફંડમાં રોકેલી મૂડીમાં સારો એવો ઉછાળ આવ્યો અને મોટી રકમ હાથમાં આવી.

ખુશખુશાલ સંગીતાએ જ્વેલરીની દુકાનમાં પોતે પસંદ કરેલી બંગડી સંદીપને બતાવતાં કહ્યું, 'જુઓ તો, મને તો આ બંગડીની ડિઝાઈન બહુ ગમી. તમને કેવી લાગે છે ?'

'તને જે પસંદ પડે તે લઈ લે પણ સાથે બીજી એક જોડ બંગડી પણ પસંદ કરજે.' 'બે બે જોડી બંગડી ? ના ભઈ ના, એવી કંઈ જરૂર નથી.' 'તારા માપની નહીં. તારા કરતાં દોઢ ગણાં મોટાં કાંડાં માટે બંગડી લેવાની છે.'

'એટલી મોટી બંગડી કોને માટે લેવી છે ? કંઈ સમજાય એવું તો બોલો !' સંગીતાએ મૂંઝાઈને કહ્યું.

'અત્યારે મારા કહ્યા પ્રમાણે બે જોડ બંગડી લઈ લે. હું ઘરે જઈને બધી વાત કરીશ.' જમવાનું પતાવીને સંગીતા સોફા પર બેસીને નવી ખરીદેલી બંગડી પહેરીને જોવા લાગી ત્યારે સંદીપે એની બાજુમાં બેસીને બંગડીની બીજી જોડ હાથમાં લીધી. બંગડી પર સ્નેહથી હાથ ફેરવતાં એની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

'સંગીતા, મારું બાળપણ અને કિશોરાવસ્થા પારાવાર મુશ્કેલી અને કારમી ગરીબીમાં વીત્યાં. મા-બાપનો હું એકમાત્ર દીકરો. જેમતેમ કરીને બે ટંક ભોજનનો મેળ પડતો હતો, ત્યાં બે દિવસની માંદગીમાં બાપુ મરણ પામ્યા.'

'આ બધી વાત તો તમે મને કદી કરી જ નથી. બાપુના ગયા પછી તમને અને માને કોનો સહારો મળ્યો ?' 'ધરતીમાતાનો. હા, માત્ર બે વીઘા ખેતીલાયક જમીનને સહારે અમે ટકી ગયાં. મેટ્રિક પાસ થઈને મને થયું. બસ હવે આગળ ભણવા કરતાં માને મદદ કરવી.' 'સાચી વાત છે. માની પણ ત્યારે ઉંમર થઈ હશે ને ? એ બિચારાં ક્યાં સુધી બોજો ઉપાડી શકે ? પણ તો પછી તમે એમ.કોમ. સુધી કેવી રીતે ભણી શક્યા ?'

સંગીતાના મનમાં અનેક સવાલો ઊભા થતા હતા. 'મેં ભલે આગળ ન ભણવું એવું નક્કી કર્યું પણ માની જીદ આગળ મારું કંઈ ન ચાલ્યું. માએ હાથ જોડીને કહ્યું, મારે ખાતર પણ તું ભણ. બેટા, ભણેલું તને આખી જિંદગી કામ લાગશે. મારી ચિંતા છોડીને તું ભણવા પર ધ્યાન આપ.'

'પણ આપણા ગામમાં તો કૉલેજ નથી. તમારે શહેરમાં જવું પડ્યું હશે, નહીં ? 'હા, એ ખૂબ લાંબી વાતો છે પણ હું આ બંગડી સાથે જોડાયેલી વાત પર આવું.'

'ગામના એક છોકરા સાથે શહેરમાં રહેવાની વ્યવસ્થા તો થઈ ગઈ પણ પૈસા વગર ખાવું શું ? માએ બાંધી આપેલા ગોળ-ચણા ખાઈ, એની ઉપર પાણી પીને બે દિવસ તો કાઢ્યા. ત્રીજે દિવસે મને ખબર પડી કે, પંકજમ્મા નામની એક સ્ત્રી વિદ્યાર્થીઓ માટે રસોડું ચલાવે છે. જેને સગવડ હોય એ પેસા આપે ને ન હોય એ મફત જમી જાય.'

'શું વાત કરો છો ? સાવ મફત જમાડે ? આવું તો આજ પહેલાં સાંભળ્યું નથી! પંકજમ્મા નામ પણ કંઈક અલગ જ લાગે છે નહીં ?'

'હા, પંકજમ્મા પોતે અલગ હતાં, તેઓ સ્ત્રીનાં કપડાં પહેરતાં, ગળામાં સોનાની ચેન અને હાથમાં સોનાની બંગડી પણ પહેરતાં પણ એ પુરુષ પણ નહોતા અને સ્ત્રી પણ નહોતાં.'

'એટલે ? એટલે કે એ....' સંગીતાનું મોં આશ્ચર્યથી ખૂલી ગયું. 'હા, પણ મહેરબાની કરીને તું એમને માટે પાવૈયા કે હીજડા જેવો શબ્દ કે, આ જન્મમાં ભલે પોતાની કૂખે એ બાળકને જન્મ ન આપી શક્યાં પણ આટલા વિદ્યાર્થીને જમાડીને પોતાનાં સંતાનોને જમાડ્યાનો સંતોષ તો મેળવું.'

'ગજબ કહેવાય! આજ પહેલાં મેં આવી વાત કદી સાંભળી નથી.' 'અરે આના કરતાં ય નવાઈની વાત તને કહું. એક વખત ગામમાંથી તાર આવ્યો કે, માની તબીયત બરાબર નથી જાઉં કેવી રીતે ? જમવા માટે ગયો તો ખરો પણ મોંમાં કોળિયો ન મૂકી શકું. આંખમાંથી ચોધાર આંસુ વહ્યાં જાય.

'પંકજમ્માનું ધ્યાન ગયું. એમણે પૂછ્યું. મેં રડતા રડતા બધી વાત કરીને કહ્યું કે, એક વખત વગર ટિકિટે પણ મા પાસે પહોંચી જાઉં પછી મારે ભણવું નથી. પંકજમ્માએ સ્નેહથી મને ગળે વળગાડ્યો. મારા હાથમાં બસો રૂપિયા મૂકીને કહ્યું, ''જા, માને મળીને પાછો આવ. ભણવાનું છોડવાનું ભૂલેચૂકે ય ન વિચારીશ,'' એક તો તમારી પાસે જમવાના પૈસા ન લે ને ઉપરથી પૈસા આપે ? ખરેખર, તેઓ ખૂબ મહાન ગણાય.

'મારે ને એમને પછી તો ગાઢ સ્નેહનો સંબંધ થઈ ગયેલો. એ કહેતાં કે, એમના માતા-પિતાનું એ એક જ સંતાન હતાં. પંકજમ્માની આવી પરિસ્થિતિ છતાં મા-બાપે એમને તરછોડ્યાં નહોતાં. પોતાની બધી સંપત્તિ એમને નામે કરી ગયાં એટલે પંકજમ્માને કદી તાબોટા પાડીને ભીખ માગવાનો વારો ન આવ્યો.

'સંપત્તિના ટ્રસ્ટમાંથી એમણે છોકરાંઓને જમાડવાનું ચાલુ કર્યું. એમની ભલમનસાઈનો લાભ લઈને પૈસામાત્ર વિદ્યાર્થીઓ પણ મફત જમી જતા. એક વખત ખૂબ ભીડમાં આવી જતાં એમણે પોતાની માની યાદગીરી રૂપ, પ્રાણપ્રિય બંગડીયો વેચવી પડી. તે દિવસે મેં પહેલી વાર એમને રડતાં જોયાં હતાં. ત્યારે મેં કહ્યું કે, ''પંકજમ્મા, તમારાં આંસુની સાક્ષીએ વચન આપું છું કે, તમારા હાથમા એક દિવસ ફરીથી બંગડી પહેરાવીશ.''

ગળાગળા સાદે સંગીતા બોલી, 'મને પંકજમ્માના દર્શને ક્યારે લઈ જશો ?'

(કમલાકર ધારાપની મરાઠી વાર્તાને આધારે) - **આશા વીરેન્દ્ર**

(ભૂમિપુત્રમાંથી સાભાર)


શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મૂળજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**



શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

**રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની**

સંપર્ક : 08879677709

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ.જૈન મંડળ નવી મુંબઈ

દિલમાં હરિયાલી થાણા સંસ્થાના સહયોગથી તા.૦૨.૦૮.૧૫ના વૃક્ષારોપણનું આયોજન કરેલ. જ્ઞાતિજનોએ સરસ પ્રતિસાદ આપેલ ૨૦૦ થી વધારે વૃક્ષોનું રોપણ કરવામાં આવેલ.

નવી મુંબઈમાં વસતા ૧૬ થી ૩૨ વર્ષના યુવાઓને એકત્રિત કરવા મંડળે તા.૨૩.૦૮.૧૫ના સરગમ વોટરપાર્ક ભીંવડી ખાતે મોન્સૂન પિકનિકનું આયોજન કરેલ. સમાજના અગ્રણી શ્રી ભૂપેન્દ્રભાઈ મુરજી દંડ-લાખણીયા સંપૂર્ણ કાર્યક્રમનાં દાતા હતા. સવારે બસથી રવાના થઈ હસી મજા અંતાક્ષરી રમતા યુવાઓ સરગમ વોટર પાર્ક પહોંચ્યા હતા. ચા-નાસ્તો કરી યુવાઓએ વિવિધ વોટર સ્પોર્ટની મજા માણી. બપોરના સૌ.ચાંદનીબેન લાલકાએ હાઉસી અને ટ્રેજર હંટનું સુંદર આયોજન કરેલ જે યુવાઓએ ખૂબ પસંદ કરેલ સૌ.હિનાબેન ડાઘા અને સૌ.ભાવિનીબેન ધરમશીએ વિવિધ હરિફાઈઓ માટે સહકાર આપેલ.

- ટ્રેજરહંટની પ્રથમ વિજેતા ટીમ-અંકિત ધરમશી, મનાલી મોતા, ભૂપેન લોડાયા અને રૂપાલી કુરૂવા, દ્વિતીય વિજેતા ટીમ મોલી ધરમશી, કવિતા લોડાયા, વિસ્મય ધરમશી, કુશલ ખોના, તૃતીય વિજેતા ટીમ અમન દંડ, ડિંપલ મોતા, મીત ધરમશી , ધ્વની ડાઘા, હર્ષિતા ડાઘા, આદિત્ય શાહ, ભાવિક દંડ અને આશિષ નાગડા.

વિજેતા ટીમને ઈનામ શ્રી ઉમેશભાઈ ધરમશી, શ્રી મહેુલભાઈ વિંઝાણી અને શ્રી દિવેશભાઈ લોડાયાના હસ્તે આપવામાં આવેલ.

યુવા કમિટીના કન્વીનર શ્રી દિવેશભાઈ લોડાયા અને મેહુલાભાઈ વિંઝાણીએ સંપૂર્ણ પિકનીકનું આયોજન સુંદર રીતે કર્યું.

### વરાડીયા

વરાડીયાના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયની ૧૧૨મી સાલગીરા નિમિત્તે શ્રાવણ સુદ ૪ને તા.૧૮.૦૮.૧૫ના પ્રભુજીના ૧૮ અભિષેક થયેલ. વિધિકાર તરીકે બીદડાના શ્રી ચંદ્રકાંતભાઈ પધારેલ. શ્રાવણ સુદ ૫ ને તા.૧૯.૦૮.૧૫ના ધ્વજા ચડાવવાનો લાભ સૌ.મધુબેન લહેરચંદ રતનશી ડાઘા પરિવારે લીધેલ. તા.૧૮.૦૮ ના સાંજના શ્રી સંઘ તરફથી સાધર્મિક ભક્તિ થયેલ. આ પ્રસંગે મુંબઈ/લોનાવલાથી ૧૦ ભાવિકો પધારેલ. ધ્વજા પ્રસંગે સાંયરાથી પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા સાંયરાના ભાઈ-બહેનોની હાજરી સૂચક હતી. દેરાસરજીના ટ્રસ્ટીઓ સૌ.આશા દીપક ડાઘા તથા મા.લીનાબેન મધુકાંત મોમાયા પણ પધારેલ.

### શ્રી વરાડીયા જૈન મહિલા મંચ

શ્રી વરાડીયા જૈન મહિલા મંચ દ્વારા તા.૧૯.૦૭.૧૫ના મંચના ૨૮ સભ્યો કુટુંબીજનો સાથે ભીવડીં -કલ્યાણ જિનાલયની તીર્થયાત્રા તથા સરગમ વોટર પાર્કની પીકનીકનું આયોજન કરવામાં આવેલ.

### કચ્છી જૈન મહિલા મંડળ-કલકત્તા

કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા દ્વારા તા.૨૬.૦૪.૧૫ના રોજ ધાર્મિક પરીક્ષા લેવામાં આવેલ તેમાં ૨૬ જણે પરીક્ષા આપેલ બધાને સંઘ તરફથી સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ. સુપરવાઈઝર તરીકે મીરાબેન મોતાને રતનબેન શાહે સેવા આપેલ પરીક્ષામાં બધા પાસ થયા ૧) મીતાબેન લાલકા ૨) ભાવનાબેન શાહનો નંબર આવેલ ૨૪.૦૬.૧૫ મંજુલાબેન વીરાના ઘરે જાપ રાખવામાં આવેલ. તેમણે મંડળને ૧૫૧ ભેટ આપેલ. તા.૨૭.૦૬.૧૫ ના રોજ જ્યોતિબેન ધુલ્લાને ઘરે જાપ રાખવામાં આવેલ જાપ બાદ બધાને સાધર્મિક ભક્તિ કરાવી મંડળને ચાંદીના સ્વપ્ન ભેટ આપેલ.

૨૫.૦૬.૧૫ના રોજ સ્મિતા શાહ તરફથી શિવસાગર હોટલમાં કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. પાસાની ગેમ્સ રમાડી તેમાં પ્રથમ ભારતી લાલકા બીજા જયશ્રીબેન ખોનાને પ્રાઈઝ મળેલ બે હાઉસીપણ રમ્યા.

તા.૨૭.૦૬.૧૫ના રોજ કચ્છી વાનગીની હરીફાઈ રાખવામાં આવેલ કચ્છી ડ્રેસ કોડ રાખવામાં આવેલ. વાનગીમાં ૧) સુશીલાબેન લાલકા ૨) પૂજા લાલકાને પ્રાઈઝ મળેલ. ડ્રેસમાં ૧) નીરા લાલકા ૨) પૂજા લાલકાને પ્રાઈઝ મળેલ. ૪૦ વરસની ઉપરમાં પ્રથમ કલ્પના વીરા, બીજા મીતા લાલકા, ત્રીજા સ્વિટી શાહ ને પ્રાઈઝ મળેલ. જજ તરીકે જયશ્રીબેન ખોનાએ સેવા આપેલ. તેમજ બધા પ્રાઈઝ પણ તેમના તરફથી રાખવામાં આવેલ.

પારસનાથ ભગવાનની હાઉઝી ઉર્મિલાબેન મોતાએ રમાડેલ. તા.૦૧.૦૭.૧૫ના રોજ જયવંતીબેન શાહ તરફથી જાપ રાખવામાં આવેલ. મંડળને ૧૫૧ રૂ. ભેટ આપેલ છે.

તા.૦૬.૦૭.૧૫ના રોજ નયનાબેન ભુરિયાના ઘરે કીટી પાર્ટી રાખવામાં આવેલ. ગેમ્સ રમેલ ગેમ્સમાં પાછળ હેંગર લટકાવી ચીપટી ભરાવવાનું ૧) ઉષાબેન શાહ ૨) ગીતા શાહ, કેતના શાહ. બીજી ગેમ્સ કલકત્તાના મેટ્રો સ્ટેશન લખવાના ૧) મંજરી વીરા ૨) ગીતા શાહને પ્રાઈઝ મળેલ. હાઉઝી રમાડેલ.

તા૧૧.૦૭.૧૫ના રોજ આશાબેન માણેકજી ખોનાના દિકરાની સગાઈ નિમિતે હરખપાર્ટી રાખવામાં આવેલ. તેમાં બીંદી લગાડવાની ગેમ્સ રાખેલ ૧) મીતા લાલકા ૨) ઉર્મિલાબેન -હેમલત્તાબેન મંડળની બહેનોએ લગ્નગીતો ગાયા ધર્મની હાઉઝી રમાડેલ. સરલાબેન ખોના કલકત્તા છોડી મુંબઈ સ્થાયી થવાના હોવાથી તેમના વિદાય ગીત ઉર્મિલાબેન મોતાએ ગાયેલ તેમજ ચાંદીના સિક્કાથી તેમનું બહુમાન કરવામાં આવેલ.

આશાબેન તરફથી એજી.એમ રાખવામાં આવેલ. તેમાં બધા સભ્યોના બલ્ડ ટેસ્ટ કરાવેલ.

અષાઢી બીજ તા.૧૭.૦૭.૧૫ના રોજ ગુણવંતીબેન શાહ તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણી પૂજા ભણાવવમાં આવેલ. તેમનાં તરફથી મંડળને ૫૦૦ રૂ ભેટ ઈંદોરવાળા રાજબાઈ તરફથી મંડળને ૫૦૦ રૂ ભેટ મળેલ છે. ૩૦.૦૭.૧૫ના રોજ મંડળમાં શંત્રુજ્ય તીર્થની ભાવયાત્રા કરાવવામાં આવેલ. સાધર્મિક ભક્તિ સ્મિતા શઅહ તરફથી કરાવવામાં આવેલ. મોટું પ્રતિક્રમણ કરવામાં આવેલ.

તા.૦૪.૦૮.૧૫ના રોજ ભારતીબેન લાલકાને ઘરે કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. ગેમ્સ રમાડેલ પાસાની ગેમ્સમાં ૧) કેતના શાહ ૨) હીના શાહ, હાર પહેરાવવાની ગેમ્સ ૧) મંજરી શાહ ૨) દીના શાહ હાઉઝી રમ્યા.

યુવા મંડળ તરફથી તા ૧૫.૦૮.૧૫ પંદરમી ઑગસ્ટના પ્રોગ્રામ રાખવામાં આવેલ. સૌ પ્રથમ દીપ સુશીલાબેન લાલકાએ પ્રગટાવેલ ધ્વજ વંદન જયંતભાઈ સાવલાએ કરેલ. રાષ્ટ્રગીત ગાઈને દેશભક્તિના ગીત ગાવા સંગીતકારોને બોલાવેલ તેમણે વધુ સરસ દેશ ભક્તિના ગીતો ગાયા.

૨૫.૦૮.૧૫ મુંબઈ નિવાસી મંજુલાબેન ભોગીભાઈ તરફથી બારવ્રતની પૂજા ભણાવવામાં આવેલ. મંડળને ૧૦૦૦ રૂ. ભેટ મળેલ છે.

રીટાબેન શાહના ઘરે તા ૦૫.૦૯.૧૫ના જાપ રાખવામાં આવેલ ઉર્મીલાબેન મોતાએ ધાર્મિક પેપર લખવા આપેલ. તેમાં પ્રથમ કેતના શાહ ૨) મીતા લાલકાને પ્રાઈઝ મળેલ છે. પ્રભાવના કરેલ. મંડળને ૧૦૦ રૂ ભેટ મળેલ છે.

## શ્રી ક.દ.ઓ.જૈન મહિલા મંડળ, નાગપુર

શ્રી.ક.દ.ઓ.જૈન મહિલા મંડળ-નાગપુર દ્વારા તા.૨૨.૦૮.૧૫, શનિવારે સૌ. પ્રવીણાબેન પટેલના નિવાસસ્થાને મહાકાળીની ભાવના યોજાઈ હતી. નવકારમંત્રના પઠન સાથે પ્રારંભ કર્યા બાદ સ્તવનો તથા દાંડિયાની રમઝટ સાથે ભાવના પૂર્ણ થઈ.

સૌ. કસ્તુરબેન ધરમશીની પૌત્રી ચિ.લતિકાના જન્મદિવસ નિમિત્તે મંડળને રૂ.૧૦૧/- ભેટ આપવામાં આવ્યા. સૌ. જયશ્રીબેન પટેલના લગ્નદિવસ તથા જન્મદિવસ નિમિત્તે મા ની આરતી કરવા માટે એક સરસ થાળી ઉપહાર તરીકે મળેલ. સૌ. પ્રગતિ ખોનાએ આભાર વિધિ કરી હતી.

## શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ,અમદાવાદ

શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ, અમદાવાદ દ્વારા ઈ.ટીવીની રસોઈની રાણી કોમ્પીટીશનમાં મહારાણીનો ખિતાબ મેળવેલ શ્રીમતી સુરભિબેન વસાના કુકિંગ ડેમોનું આયોજન કરવામાં આવેલ. તેમણે જ રેસિપી લાઈવ બતાવેલ તથા અન્ય ઘણી બધી ટિપ્સ આપી.

સ્વાતંત્ર્ય મહિનાનાં નિમિત્તે ડ્રેસ કોડ ઝંડાના કલર રાખવામાં આવેલ. કોઈ પણ કેરેક્ટર બનીને આવવાની થીમ રાખવામાં આવી હતી. યોગિની શાહ-વીર સાવરકર અને ચાર્મી મૈશેરી -રાજગુરૂ બનીને આવ્યા હતા તેઓ બંને વિજેતા રહ્યા હતા. મીતાબેન લોડાયા તરફથી બંનેને ઈનામ પ્રાપ્ત થયેલ. કવિતાબેન નાગડા તરફથી અલ્પહાર રાખવામાં આવેલ. નીમાબેન મોતા તરફથી ૨૫૧/- એમનિ પુત્રીના લગ્ન નિમિત્તે મંચને ભેટ મળેલ.

## ચાલીસ હજારથી વધુ માછલીઓને બચાવાઈ

ભુજ શહેરનાં હમીરસર તળાવ તથા દેરાસર તળાવનાં ઓગની પાસેનાં છીછરા પાણીમાં તાપ અને ગંદા પાણીથી અનેક માછલીઓ પાણી તડફડી રહી હતી, ત્યારે માનવજ્યોતિનાં શ્રી પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ ચાલીસ હજાર થી વધુ મોટી નાની માછલીઓને પાણી ભરેલા ડ્રમમાં નાખી હમીરસર તળાવમાં નાખવામાં આવતાં હજારોની સંખ્યામાં માછલીઓ બચી જવા પામી હતી.

## હૈદરાબાદ -સિંકદરાબાદ બોલારામ-ત્રયનગરમાં ગુરૂદેવશ્રી સર્વોદયસાગરજી.મ.સા.ની નિશ્રામાં થયેલ આ વર્ષની શાસન પ્રભાવના

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરિ મ.સા.ના શિષ્યરત્ન પૂ.મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી મ.સા., મુ.નિરાજ શ્રી ઉદયરત્નસાગર મ.સા. અને પ.પૂ.મુનિરાજશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.ઠાણા ૩ ની નિશ્રામાં શેષકાલ દરમ્યાન થયેલ શાસન પ્રભાવનાના કાર્યક્રમોની વિગત.

ઘર-ઘર ભગવાન હર ઘર ભગવાનના નાદને ગજાવતા ૨૫૦ ઘરોની અંદર પ્રભુજી દર્શનીય પ્રતિમાને બિરાજમાન કર્યા.

ત્રય નગરના ૪૪ વિવિધ ક્ષેત્રોમાં વિચરણ કરેલ અને દરેક સ્થાનોમાં વ્યાખ્યાન બાદ નવકારશીનું આયોજન થયેલ.

દર મહિને મહામાંગલિકનું આયોજન તથા સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ.

રસૂલપુરામાં શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણકની ઉજવણી અને પૂ.શ્રીની પ્રેરણાથી કોઠારી પરિવાર દ્વારા ૮૦૦ પુણ્યશાળીઓને સમેત શિખર મહાતીર્થની યાત્રા કરાવવામાં આવેલ.

અંબરપેટ વિસ્તારમાં દેરાસર અને ઉપાશ્રય માટે જમીન સંપાદિત કરવામાં આવી.

નૂરખાં બજાર વિસ્તારમાં સર્વોદય સાધર્મિક આવાસનું આયોજન.

નવા ક્ષેત્રમાં શ્રી ગૌતમ લબ્ધિ જૈન સંઘની સ્થાપના.

આની સાથે સાથે સોનામાં સુહાગા રૂપે સાત સ્થાનોમાં મંગલકારી પ્રતિષ્ઠાઓ સંપન્ન કરાવી તેમાં ૧) દાદા વાડીમાં ૨) કામા રેડી નગરે ૩) નિઝામાબાદ નગરે ૪) કાચી ગુડા-શાંતિનાથજિનાલયે ૫) ચૈતન્યપુરી શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયે ૬) શ્રી શાંતિ સૂરિશ્વર ગુરૂમંદિર ચૈતન્યપુરી મુકામે આ.ભ.શ્રી જિનોત્તમ સૂરિની સાથે તથા ૭) જૈન સ્કુલમાં પંચદેવીની પ્રતિષ્ઠા આચાર્ય શ્રી અભયસેન સૂરિશ્વરની સાથે એમ ૭ જગ્યા મંગલકારી પ્રતિષ્ઠામાં નિશ્રા આપેલ.

બે છરીવાલિત સંઘોનું આયોજન : ૧) શ્રી મેડચલ તીર્થ ૭૨ જિનાલયોનો છરીવાલિત સંઘ લાભાર્થી સંઘ માતાશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર ૨) શ્રી નવગ્રહ તિર્થનો છરીવાલિત સંગ-લાભાર્થી શ્રી મહેતા, રામાણી અને ઘર પરિવાર

યુવા મુનિ શ્રી પૂ.ગુણવલ્લભસાગર મ.સા.ના જન્મ દિવસની ઉજવણી આશરે ૩૫૦૦ ગુરૂ ભક્તોની હાજરીમાં થયેલ.

ગોશામહલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયથી અહિંસા રેલીનું આયોજન.

શ્રી કુલપાક તીર્થમાં માસકલ્પ રહેલ. અને ત્યાં આઠ દિવસીતપ યુવાઓ માટે જ્ઞાન સંસ્કાર શિબિરનું આયોજન.

એવી અનેક વિધ શાસન પ્રભાવનાના કાર્યો પૂ.શ્રીની નિશ્રામાં થઈ રહેલ છે. પૂ.શ્રી આ વર્ષે શ્રી તપાગચ્છ રાજસ્થાની જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘ સિંકદરાબાદમાં ચાતુર્માસ પ્રવેશ કરેલ છે અને સુખશાંતા પૂર્વક બિરાજમાન છે.

## જીજ્ઞેશ નવીનચંદ્ર મોતા (હૈદ્રાબાદ)



હૈદ્રાબાદમાં વકીલાત કરતા શ્રી જીજ્ઞેશ નવીનચંદ્ર મોતા (લાખણીયા)એ નીડરપણે ગૌરક્ષા કાર્યો અને સામાજિક, રાજનીતિક, ધાર્મિક આદી ક્ષેત્રે સેવાઓ બદલ આ વર્ષના સ્વામી વિવેકાનંદ આધ્યાત્મિક પુરૂષ પુરસ્કાર ૨૦૧૫થી સન્માન કરવામાં આવ્યા છે. આ સન્માન ભારતીય સાંસ્કૃતિક નિર્માણ પરિષદ હૈદ્રાબાદ તા.૧૬.૦૮.૨૦૧૫ના એક ખાસ કાર્યક્રમ કરવામાં આવ્યો છે.

શ્રી જીજ્ઞેશભાઈ ઘણાં વર્ષોથી દક્ષિણ ભારતની સંસ્થાઓના કાનુની સલાહકાર તરીકે કાર્ય કરી રહ્યા છે.તેઓ લોક અદાલતના સભ્ય, ઓનરરી એનિમલ વેલફેર ઓફિસરના સભ્ય અને શાંતિ સમિતિઓના સભ્ય છે. બી.કોમથી માંડીને એલ.એલ.એમની ડિગ્રી ધરાવતાં જીજ્ઞેશ મોતા અગાઉ પણ ઘણાં એવોર્ડ મેળવી ચુક્યા છે.

## પર્વ પર્યુષણ

**રાગ: બહારો ફુલ બરસાવો...**

પર્વના દિન ન્યારા, આઠ દિન પ્યારા રે,<br>
પર્વ પર્યુષણ રૂડા રે, જીવનને કિનારે લગાવનારા,

ભક્તિની રાહ ચીંધનારા,<br>
ભવોભવથી મુક્તિ આપનારા,

પાપી જીવના તારણહારા,<br>
ભક્તિની ધૂનમાં ખોઈ, જીવ હત્યા રોકનારા,<br>
પર્વ પર્યુષણ....

સંસારનાં રંગમાં રંગાઈને, ભુલ્યા જગનાં પાલનહારને,<br>
સિધ્ધારથ ત્રિશલાનાં લાલને,<br>
પરમકૃપાળુ દિન દયાળને,<br>
આતમના જ્યોતિ જગાવનારા,<br>
સૌ જીવોને ક્ષમા આપનારા,<br>
પર્વ પર્યુષણ...

જ્ઞાની અજ્ઞાની સૌ આવીએ,<br>
વેર-ઝેર ભૂલી પર્વમાં ખોવાઈએ,<br>
તપ-જપનાં પાલન કરાવે,<br>
પૂણ્ય ભાગનાં સુરજ ઉગાવે,<br>
માગે મિચ્છામી દુક્કડ્મનાં નારા,<br>
શોભના ને આપજો સૌ પ્યારા,<br>
પર્વ પર્યુષણ....

**સૌ.શોભના અશોક નાગડા,**<br>
**નેરૂલ, નવી મુંબઈ**

## નવા/બદલાવેલા સરનામા-(પૂરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| જયંતીલાલ એમ.જૈન(મોતા) | રૂ નં. ૩૦૧, મોહક અપાર્ટમેન્ટ, ગાંવદેવી મંદીરની નજીક, ક્રિષ્ણા હાઈટ બિલ્ડીંગની સામે, નાંદિવલી ગાંવ, ડોંબિવલી - ૪૨૧ ૨૦૧ મો. 098193 64808 |
| ઈશ્વરલાલ કે.ખોના | રાજલક્ષ્મી સિલેક્શન ભડગાંવ રોડ, નિરામય હક્સી ડેંટલ હોસ્પિટલની બાજુમાં પાંચોરા - ૪૨૪ ૨૦૧ મો.ઈશ્વરભાઈ - 080878 41409/ રાજેશભાઈ - 090285 95129 |
| લખમશી ચત્રભુજ સાયલા | રૂ નં.૮, ૧ લે માળે, વિવેક-જી કો.હૉ.સો.લિ., ચિંતામણી મંદિરની સામે, સાઈનાથ નગર, એલ.બી.એસ.રોડ, ઘાટકોપર (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૬ મો. 098203 44156 |
| સોમચંદ એલ.મોતા | C/o. એસ.નિર્મલકુમાર, ૮/૩૩૪ રાકી અન્ન ટેમ્પલ સ્ટ્રીટ, કુરૂમ્બા પાલયમ, મથુકરઈ, કોઈમ્બતુર-૬૪૧ ૧૦૫ મો.096269 04568 |
| જયેશ જી.લોડાયા | સમૃધ્ધિ ગાર્ડન, બી-આશોપાલવ, ૧૦૦૨, ઈશ્વરનગરની સામે, ભાંડુપ (પ) ૪૦૦ ૦૭૮ મો.098200 71964/022-25666386 |
| મહેન્દ્ર એમ. મુનવર | રૂમ નં.૧૪૧૨, ગ્રાઉન્ડ ફ્લોર, બિલ્ડિંગ નં-૪૮, સિંધુદુર્ગ કૉ.હૉ.સો., પંતનગર, ઘાટકોપર (પૂ) ૪૦૦ ૦૭૫ |

## જીવનચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૦૬.૦૫.૧૫ | કાંજુરમાર્ગ | નવ્યા-બીજલ/નરેન્દ્ર પ્રેમચંદ મોમાયા | રંગપુર | પુત્રી |
| ૨૯.૦૬.૧૫ | રાજકોટ | નીશા નીતીન નવીનચંદ્ર મૈશેરી | ગોધરા | પુત્રી |
| ૦૪.૦૮.૧૫ | દિલ્હી | ટવીશા-કિન્નરી/નિરજ જયચંદ લાલકા | પરજાઉ | પુત્રી |
| ૦૪.૦૮.૧૫ | દિલ્હી | પ્રીશા-કિન્નરી/નિરજ જયચંદ લાલકા | પરજાઉ | પુત્રી |
| ૧૬.૦૮.૧૫ | જામનગર | માન્યા-મયુરી/કુશલ ધનજીભાઈ લોડાયા | જખૌ | પુત્રી |
| | | **સગપણ** | | |
| ૧૬.૦૮.૧૫ | આદીપુર | રાહુલ વિજય કેશવજી ખોના | સુથરી | ૨૮ |
| | ખીરકીયા | ઝરણા ચેતન ચંદુલાલ નાગડા | લાલા | ૨૭ |
| ૨૭.૦૮.૧૫ | હુબલી | ભાવેશ મુલચંદ પ્રેમચંદ ખોના | મોટી ખાવડી | ૩૦ |
| | ડોંબિવલી | લેખા પ્રંકજી પદમશી લોડાયા | સાયરા | ૨૬ |
| ૩૦.૦૮.૧૫ | નડિયાદ | અમીત મહેન્દ્રભાઈ ભવાનજી મોતા | તેરા | ૨૯ |
| | ચાલીસગામ | તેજસ્વીની રમેશભાઈ કુંવરજી ધરમશી | ગોએરસમા | ૨૬ |
| ૦૨.૦૯.૧૫ | નોઈડા | હિતેન સુભાષભાઈ મણીલાલ મોમાયા | ડુમરા | ૨૮ |
| | સાંગલી | મયુરી રમેશ ત્રીકમજી શિયાડ | દલતુંગી | ૨૫ |
| ૧૦.૦૯.૧૫ | ભરૂડીયા | સાગર જગદીશ જેઠાલાલ ધુલ્લા | ભરૂડીયા | ૨૩ |
| | મોટી ખાવડી | માનશી ભાવેશ લક્ષ્મીચંદ ખોના | મોટી ખાવડી | ૨૧ |
| | | **આંતર જ્ઞાતિય સગપણ** | | |
| ૦૬.૦૯.૧૫ | મસ્જીદ બંદર | હર્ષવર્ધન અશોક શામજી ખોના | સુથરી | ૨૪ |
| | મલાડ | અંજલી મયુર જયંતિભાઈ ભણશાલી | મહુધા | ૨૫ |
| | | **લગ્ન (ભૂલ સુધાર)** | | |
| ૧૮.૦૧.૧૫ | નિમચ | મનન દિપક નવીનચંદ મોતા | સુથરી | ૨૩ |
| | રાજકોટ | ખુશ્બુ લલીત પાશ્વીર ધુલ્લા | ભરૂડીયા | ૨૧ |
| | | **મરણ** | | |
| ૦૬.૦૯.૧૫ | કલવા | જવેરબાઈ સોજપાર મોતા | કુવાપધર | ૮૦ |
| ૦૭.૦૯.૧૫ | હૈદરાબાદ | કુસુમબેન ધીરજ ધુલ્લા | દલતુંગી | ૫૬ |
| ૦૭.૦૯.૧૫ | ઘાટકોપર | ચંદ્રકાંત મુલજી છેડા | નલિયા | - |
| ૦૮.૦૯.૧૫ | મુલુંડ | અનિલ નવીનચંદ્ર લોડાયા | નાની ખાવડી | ૫૭ |
| ૧૦.૦૯.૧૫ | કોચીન | સુશીલા જવેરચંદ મૈશેરી | સાંયરા | ૮૬ |
| ૧૧.૦૯.૧૫ | જી.ટી.બી. | મેનાબાઈ વિશનજી દંડ | સાંધવ | ૮૭ |
| ૧૧.૦૯.૧૫ | ગદગ | શાંતિલાલ ભવાનજી કાનજી લોડાયા | નલિયા | ૮૨ |
| ૧૨.૦૯.૧૫ | - | દામજી પદમશી મોમાયા | વરાડીયા | ૭૭ |

# અભિનંદન ! 'કચ્છ કોહીનૂર' અભિનંદન !

## લોડાયા અને દંડ પરિવારનું ગૌરવ








## શ્રી હિતેશ ભવાનજી લોડાયા

ચાલીસગામનો તેજસિતારો.... શા. ભવાનજી શિવજી લોડાયાનો કુલદિપક
દાનશૂર, ધર્માનુરાગી, ધર્મના મર્મ ને જાણનારો,
મંદિરોના જીર્ણોધ્ધાર કરાવનારો,
વિવિધસ્થળે અરિહંત - સિધ્ધ પરમાત્માની પ્રતિષ્ઠાનો લાભ લેનારો....
મેઘાવી, ઉદ્યમશીલ, આગવી કોઠાસૂઝવાળો, પરહિત તત્પર, મિતભાષી....
સમાજના કલ્યાણમિત્ર એવા અષ્ટપૈલૂ હિરલાને મળ્યો છે
કચ્છ શકિત દ્વારા જ્ઞાતિના ગૌરવસમો ''કચ્છ કોહિનૂર'' નો ખિતાબ
સમસ્ત પરિવાર કરે છે **અભિનંદન વર્ષા !**
પ્રભુ પાસે પ્રાર્થીએ છીએ.... મળે આપને ઝળહળતું દીર્ઘ જીવન

**સમસ્ત શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

## દાદીમાને

**શ્રધ્ધાંજલિ** **સ્મરણાંજલિ** **પુષ્પાંજલિ**



# સ્વ. અ.સૌ. રેવંતીબાઈ વિરચંદ મૈશેરી

અરિહંત શરણ : તા. ૨૦/૯/૨૦૦૯

દાદીમા આપના આર્શીવાદથી કર્મ પથ પર ગૌરવાન્વિત છીએ અમે પળપળ
સંસ્કારોના પુજનથી ઉત્સવિત છીએ અમે પળપળ
સ્નેહ છાયા થી આનંદિત છીએ અમે પળપળ
સકારાત્મક સાથ પુરૂષાર્થથી વિજયી છીએ અમે પળપળ
.... તે છતાં દાદીમા,
આપની અનુપસ્થિતિ અમને અનુભવાય હરપળ હરપળ

હે વાત્સલ્યમૂર્તિ પ્રભુચરણોમાં પ્રાર્થના છે કે
જન્મોજન્મ આપની મમતા ભરી છાયા અમ પર પળપળ વરસતી રહે...
આપના દાખવેલા માર્ગપર ચાલીને અમારુ જીવન સાર્થક બને...
પ્રભુ આપના દિવ્ય એવમં પવિત્ર આત્માને પરમશાંતિ આપે અજ પ્રાર્થના !

**અ.સૌ. દર્શના કોશિકજી દિલીપજી લોડાયા** - પૂના - સોલાપૂર

ગૌરવ નયના તિલક મૈશેરી - સાવનેર
પુજા પ્રિતા મુકેશ મૈશેરી - ઠાણા
ઉત્સવ પ્રિતા મુકેશ મૈશેરી - ઠાણા



વરૂણ મિના વિમલ મૈશેરી - યવતમાળ
તન્વી તૃપ્તી રાજેશ મૈશેરી - પુના

## મિચ્છામિ દુક્કડમ્

**વિરચંદ જેઠાભાઈ મૈશેરી પરિવાર** - યવતમાળ

| **ગૌરવ સર્વિસેસ** | **પ્રવિણ સ્ટોન ક્રશીંગ ઈન્ડસ્ટ્રીજ** | **વરૂણ ટ્રાન્સપોર્ટ** |
|---|---|---|
| સાવનેર, 098222 22424 | બોરગાંવ, જિ. સાવનેર, 093260 07806 | યવતમાળ, 094221 68097 |

# હાર્દિક અભિનંદન



**કુ. રીવા યોગેશ ચંપકલાલ શાહ (મુંબઈ)**

માતા : ડૉ. વૃંદા (સનત્ શાહ ના સુપુત્રી)

**રીવા**એ હાલ (જુલાઈ ૨૦૧૫)માં જ
સોલીસીટર્સની પરીક્ષા (મુંબઈ) પાસ કરી છે.
કાયદાના અનુસ્નાતક (LL.B. 5 Year Course) ની ડીગ્રી
તેમણે ૨૦૧૩માં ગવર્મેન્ટ લો કોલેજ (મુંબઈ)થી પ્રથમ ક્રમાંકે
તથા મુંબઈ યુનિવર્સીટીમાં દ્વિતીય ક્રમાંકે પાસ કરી હતી.
ગવર્મેન્ટ લો કોલેજના જનરલ સેક્રેટરી ઉપરાંત
મૂટ કોર્ટ કોમ્પીટીશનમાં તેમણે કોલેજનું
પ્રતિનિધિત્વ કરી ઘણા ઇનામો મેળવ્યા છે.
વાડિયા-ગાંધી સોલીસીટર્સની ફર્મમાં
આર્ટીકલ કર્યા બાદ તેમણે હાલમાં સોલિસીટર્સ પરીક્ષા
પાસ કરી છે અને સોલીસીટર બન્યાં છે.

**એમની આ ઝળહળતી સફળતા બદલ એમને**
**હાર્દિક અભિનંદન !**

**સનત્ શાહ પરિવાર**

# હૃદયના દ્વારે ભાવભરી શ્રદ્ધાંજલિ

જન્મ
૨૨-૧૦-૧૯૫૬



સ્વ.
૧૪-૦૮-૨૦૧૫

**સ્વ. :અ.સૌ. દમયંતિબેન પ્રફુલભાઈ લોડાયા**

**ગામ : તેરા હાલ વડોદરા**

ખીલી હતી વસંત જયાં; પાનખર પથરાઈ ગઈ
જીવન ની જયોત અચાનક; ઝબુકી ને બુઝાઈ ગઈ
આશા અધુરી ને; આંખડી મિચાંઈ ગઈ
અણધારી વિદાય અમારૂં ; કાળજુ કંપાવી ગઈ
પ્રભુ આપના દિવ્ય આત્માને ; શાંતી અર્પે એજ પ્રાથના ....

**શા. પ્રફુલ્લભાઈ શામજીભાઈ દેવજીભાઈ લોડાયા(સમસ્ત પરિવાર)**
**ભાઈ-ભાઈ દાબેલી - વડોદરા**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001




if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,